પરોપકારાય સતાં વિભૂતયઃ

ગ્રંથાંક ૩૨.

પાંત્રિશ બોલ.

(મૂળ અર્થ સાથે) તથા

માર્ગાનુસારીના પાંત્રિશ ગુણ અને

આવશ્યક સૂત્રોના સંક્ષિપ્ત ભાવાર્થ.

લેખક—

મિ. દુર્લભદાસ કાળિદાસ

જૈનશાળા પરીક્ષક.

પ્રસિદ્ધ કર્તા.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ.

મ્હેસાણા.

આશીર્વચન.

सर्वेऽपि सन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः;

सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् पापमाचरेत्.

ભાવાર્થ:—સર્વ કોઇ પ્રાણી સુખી થાઓ! સર્વ જીવો નિરોગી થાઓ! સર્વ પ્રાણીઓ કલ્યાણ પામો! કોઇ પણ જીવ પાપનું આચરણ ન કરો!

ધર્મબિંદુ.

પરોપકારાય સતાં વિભૂતય: ૩૨

પાંત્રિશ બોલ.

(સરળ અર્થ સાથે) તથા

માર્ગાનુસારીના પાંત્રિશ ગુણ અને

આવશ્યક સૂત્રોના સંક્ષિપ્ત ભાવાર્થ.

લેખક.

મિ. દુર્લભદાસ કાલિદાસ.

જૈનશાળા પરીક્ષક. મુ. મ્હેસાણા.

છપાવી પ્રસિદ્ધ ક...ર્તા.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફથી

શા. વેણીચંદ સુરચંદ.—મ્હેસાણા.

આવૃત્તિ ત્રીજી. પ્રત ૨૦૦૦.

સંવત્ ૧૯૭૩. વીર સંવત્ ૨૪૪૩. સને ૧૯૧૭.

કિંમત ૦–૧–૦.

પ્રભુમૂર્તિના રૂપ માં આલાયંકરણ.

પ્રિયતમ પ્રભુ ! નમીએ આપને,
જપીએ પાવન તુમ જાપને—પ્રિયતમ૦ ૧
જ્ઞાન દીપક હૃદયે પ્રકટાવી,
પૂર્ણ પ્રજાળો પાપને— પ્રિયતમ૦ ૨
બળસાગર ! રગ રગ બળ રેડો,
નસ નસ દ્યો નીતિ છાપને—પ્રિયતમ૦ ૩
અમ અંતર દમતા કુવિચારો,
પાત્ર થજો તુમ શાપને— પ્રિયતમ૦ ૪
આપ વદન શશી ગ્રહવા મથતાં,
માંજો[1] અમ મન-આપને[2]—પ્રિયતમ૦ ૫
પોતાના ગણી પાળો અમને,
એજ અરજ મા બાપને— પ્રિયતમ૦ ૬

---

૧ સાફ કરો. ૨ મનરૂપ દર્પણ.

અમદાવાદ

રીચીરોડના પુલ નીચે આવેલા શ્રી જનવિદ્યાવિજય
પ્રેસમાં શા. ચુનીલાલ અમથાશાએ છાપી.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

આવી ન્હાની ચોપડીને પ્રસ્તાવનાની જરૂર હોય નહિ છતાં તે લખવાનો હેતુ જણાવવા સાથે તેમાં આવેલા વિષયોનું દિગ્દર્શન કરાવવામાં આવે તો તે અપ્રાસંગિક નહિ ગણાય.

આમાં બેજ વિષયો છે. પહેલો વિષય પાંત્રિશ બોલના થોકડા ઉપર સરળ અર્થ લખવામાં આવ્યા છે તે છે. પંચપ્રતિક્રમણ પૂર્ણ થયા પછી, જીવવિચારાદિ પ્રકરણો ચલાવતાં પહેલાં, આ બોલો ચલાવવા એ આગળ ઉપર બહુ ઉપયોગી થઇ પડે તેવું શિક્ષણ છે. આના અધિકારીઓને સામાન્ય બુદ્ધિવાળા ગણી અર્થ લખતાં ભાષા બહુ સરળ રાખવામાં આવી છે. અજીવતત્ત્વના

૧૪ ભેદ તથા ૭ નયના સરળ અર્થ કરવા જતાં પણ તે સમજી શકાય તેવા થવાનો સંભવ લાગ્યો નથી તેથી તે મૂળરૂપેજ મૂક્યા છે. કેટલાએક બોલો સરળ હોવાથી તેનો અર્થ લખવો જરૂરનો લાગ્યો નથી તેથી તેમને પણ મૂળરૂપેજ રહેવા દીધા છે. પાંચ મહાવ્રતના ભાંગા વિસ્તૃત હોવાથી કાઢી નાંખ્યા છે તેમજ પચ્ચક્ખાણના ભાંગાવાળો ૨૪ મો બોલ કાઢી નાંખી તે સ્થળે દરેક શ્રાવકને વિચારવા યોગ્ય ભવાભિનંદી જીવોનાં ૮ લક્ષણો દાખલ કર્યા છે. દરેક શાળામાં આ બુક ચલાવી શકાય તેવી સહેલી બનાવવા બનતો પ્રયાસ કરવામાં આવ્યો છે.

બીજો વિષય પ્રતિક્રમણ વખતે બોલવામાં આવતા દરેક સૂત્રોનો સંક્ષિપ્ત ભાવાર્થ લખવામાં આવ્યો છે તેને લગતો છે. આજકાલ પ્રાયઃ દરેક શાળામાં વિદ્યાર્થીઓની

હાજરીની અનિયમિતતાના કારણે તથા દરેકને ભિન્ન ભિન્ન શિખવવું પડતું હોવાથી વખતના અભાવના કારણે પ્રતિક્રમણના અર્થ ચલાવી શકાતા નથી, તેવા વખતમાં આ ભાવાર્થો ચલાવવા એ બીજ જ્ઞાનરૂપે બહુ જરુરના થઈ પડશે એમ ધારવામાં આવ્યું છે.

આ બુક કેટલી ઉપયોગી થશે ? તે વિચારવાનું કામ જૈન અભ્યાસકોનું છે. છદ્મસ્થતા તથા મતિમંદતા યોગે ક્યાંઈ વિરુદ્ધ લખાયું હોય તો સજ્જનો કૃપા કરી સૂચવશે તો પ્રસંગે સુધારવામાં આવશે. તેઓને આ બાબત સવિનય પ્રાર્થના કરવામાં આવે છે.

વિદ્વદ્રત્ન મુનિરાજ શ્રી પ્રેમવિજયજી તથા સાક્ષર શ્રાદ્ધવર્ય શેઠ કુંવરજી આણંદજીએ આ બુક સુધારી વધારી આપવામાં જે અ-

મૂલ્ય શ્રમ લીધો છે તે બાબત તેમનો અં-
તઃકરણપૂર્વક ઉપકાર માનવામાં આવે છે.

દુર્લભદાસ કાલિદાસ.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ બુકની પ્રથમ આવૃત્તિ તેના લેખકે થોડા વખત ઉપર છપાવી હતી પણ તે ટૂંક મુદતમાં ખલાસ થવાથી અને અનેક સજ્જનોની તે માટે માગણીઓ ચાલુ રહેવાથી અમારી ગ્રંથમાળાના બત્રીશમા મણકા તરીકે લેખકની ઈચ્છા અનુસાર અમે તેની આ બીજી આવૃત્તિ છપાવી છે. આમાં કેટલેક સ્થળે થોડો સુધારો વધારો કર્યો છે અને તે ઉપરાંત માર્ગાનુસારીના પાંત્રિશ ગુણ, ચોવિશ તીર્થંકર તથા નવપદનાં નામ

અને વર્ણ, દરેક પ્રભુનાં લાંછન અને દર્શન કરતી વખતે બોલવા યોગ્ય દુહાઓ તથા શ્લોકો દાખલ કરવામાં આવ્યા છે, જે બાળકોને કંઠાગ્રે કરાવવા યોગ્ય છે. માર્ગાનુસારીના પાંત્રિશ ગુણ આપણા વ્યાવહારિક જીવનને બહુ પ્રકારે સુધારે છે અને શુભ વ્યવહાર સમ્યક્ત્વ પ્રાપ્તિનું કારણ છે તેથી તે ગુણો દરેકે દરેક બાળકોને શિખવવા યોગ્ય છે. છેવટે આ બુક છપાવવામાં મદદ કરનારા ઉદાર મહાશયોનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માનવામાં આવે છે.

લિ. પ્રસિદ્ધકર્તા.

ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ બુકની બીજી આવૃત્તિ પણ ઘણીજ ટૂંક મુદ્દતમાં ખલાસ થઇ છે એજ તેની ઉપયોગીતા જણાવવા માટે પૂરતું છે તેની જરૂરીયાત ચાલુ રહેવાથી અમોએ તેની આ ત્રીજી આવૃત્તિ છપાવી છે. આ આવૃત્તિમાં પ્રથમ કરતાં ખાસ સુધારો કે વધારો કરવામાં આવ્યો નથી.

તા. ૧-૧-૧૯૨૭.

લિ. પ્રસિદ્ધકર્ત્તા.

ॐ

પાંત્રિશ બોલ.

(સરળ અર્થ સાથે.)

૧

પહેલે બોલે ગતિ ચાર છે.

૧ પાપ કરીને અવતરેલા નારકીઓની ગતિ તે નરકગતિ.

૨ પશુ તથા પક્ષી વગેરેની ગતિ તે-તિર્યંચગતિ.

૩ માણસોની ગતિ તે મનુષ્યગતિ.

૪ પુણ્ય કરીને અવતરેલા દેવતાઓની ગતિ તે દેવગતિ.

૨

બીજે બોલે જાતિ પાંચ છે

૧ માત્ર શરીરવાળા જીવોની જાતિ જેવા કે માટી, પાણી, અગ્નિ, વનસ્પતિ વગેરેના જીવો તે એકેંદ્રિય જાતિ.

૨ શરીર અને જીભવાળા જીવોની જાતિ. જેવા કે–શંખ, પૂરા, કીડા વગેરે તે બેઈંદ્રિયજાતિ.

૩ શરીર, જીભ અને નાકવાળા જીવોની જાતિ. જેવા કે–માંકડ, જૂ, કીડી, મંકોડા વગેરે તે તેઈંદ્રિય જાતિ.

૪ શરીર, જીભ, નાક અને આંખવાળા

જીવોની જાતિ. જેવા કે—માખી, મચ્છર, વીંછી વગેરે તે ચૌરિંદ્રિય જાતિ.

૫ શરીર, જીભ, નાક, આંખ અને કાનવાળા જીવોની જાતિ. જેવા કે—દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકી તે પંચેંદ્રિય જાતિ.

૩

ત્રીજે બોલે કાય છ છે.

૧ પૃથ્વીકાય—માટી, પત્થર વગેરેના જીવો.

૨ અપ્કાય—પાણીના જીવો.

૩ તેઉકાય—અગ્નિના જીવો.

૪ વાઉકાય—પવનના જીવો.

૫ વનસ્પતિકાય—શાક, ભાજી, ફળ, ફૂલ વગેરેના જીવો.

૬ ત્રસકાય—હાલતા ચાલતા જીવો.

૪

ચોથે બોલે ઇંદ્રિય પાંચ છે.

૧ શ્રોત્રેંદ્રિય–કાન.
૨ ચક્ષુરિંદ્રિય-આંખ.
૩ ઘ્રાણેંદ્રિય–નાક.
૪ રસેંદ્રિય–જીભ.
૫ સ્પર્શેંદ્રિય–શરીર

૫

પાંચમે બોલે પર્યાપ્તિ છ છે. પર્યાપ્તિ–શક્તિ

૧ આહાર ગ્રહણ કરી તેનો રસ કરવાની શક્તિ તે આહાર પર્યાપ્તિ.

૨ રસમાંથી લોહી, માંસ, વીર્ય વગેરે સાત ધાતુ બનાવી શરીર બાંધવાની શક્તિ તે શરીર પર્યાપ્તિ.

૩ શરીરમાં જરૂર પડતી ઇંદ્રિયો કરવાની શક્તિ તે ઇંદ્રિય પર્યાપ્તિ.

૪ પુદ્ગલો ગ્રહણ કરી તેનો શ્વાસોચ્છ્વાસ બનાવવાની શક્તિ તે શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ.

૫ પુદ્ગલો ગ્રહણ કરી તેની ભાષા બનાવવાની શક્તિ તે ભાષા પર્યાપ્તિ.

૬ પુદ્ગલો ગ્રહણ કરી તેનું મન બનાવવાની શક્તિ તે મનઃપર્યાપ્તિ.

૬

છઠ્ઠે બોલે પ્રાણ દશ છે.

૧ સાંભળવાની શક્તિ તે શ્રોત્રેંદ્રિય પ્રાણ.
૨ જોવાની શક્તિ તે ચક્ષુરિંદ્રિય પ્રાણ.
૩ સૂંઘવાની શક્તિ તે ઘ્રાણેંદ્રિય પ્રાણ.
૪ ચાખવાની શક્તિ તે રસેંદ્રિય પ્રાણ.
૫ સ્પર્શ કરવાની શક્તિ તે સ્પર્શેન્દ્રિયપ્રાણ.

૬ વિચાર કરવાની શક્તિ તે મનોબળપ્રાણ.

૭ બોલવાની શક્તિ તે વચનબળ પ્રાણ.

૮ શરીરથી કાર્ય કરવાની શક્તિ તે કાય-
બળ પ્રાણ.

૯ શ્વાસ લેવો તથા મૂકવો તે શ્વાસોશ્વાસ
પ્રાણ.

૧૦ આયુષ્ય તે આયુઃપ્રાણ.

૭

સાતમે બોલે શરીર પાંચ છે.

૧ મનુષ્ય અને તિર્યંચનું શરીર તે ઔ-
દારિક શરીર.

૨ દેવતા અને નારકીનું શરીર તે વૈક્રિય
શરીર.

૩ તીર્થંકર ભગવાન્‌ને પ્રશ્ન પૂછવા તથા

તેમની ઋદ્ધિ જોવા મુનિરાજ નવું શ-
રીર કરે છે તે આહારક શરીર.

૪ આહારને પચાવનાર શરીર તે તૈજસ
શરીર. ઋદ્ધિ=ઠકુરાઈ.

૫ આત્માને કર્મ વળગેલાં છે તે કાર્મણ
શરીર.

૮

આઠમે બોલે યોગ પંદર છે.

યોગ—વ્યાપાર, ક્રિયા.

૧ મનોયોગના ચાર પ્રકાર છે. પ્રકાર—ભેદ.

૧ સાચો વિચાર કરવો તે સત્ય મનોયોગ.

૨ ખોટો વિચાર કરવો તે અસત્ય મનોયોગ.

૩ કાંઇક સાચો અને કાંઇક ખોટો વિચાર
કરવો તે મિશ્ર મનોયોગ. આને સત્ય-

મૃષા પણ કહે છે.

૪ ખોટો પણ નહિ અને સાચો પણ નહિ એવો વિચાર કરવો તે વ્યવહાર મનોયોગ. આને અસત્યામૃષા મનોયોગ પણ કહે છે. (શિક્ષકે આ બોલ દૃષ્ટાંત આપી સમજાવવો.)

૨ વચનયોગના ચાર પ્રકાર છે.

૧ સાચું બોલવું તે સત્ય વચનયોગ.

૨ ખોટું બોલવું તે અસત્ય વચનયોગ.

૩ કાંઇક સાચું અને કાંઇક ખોટું બોલવું તે મિશ્ર વચનયોગ.

૪ ખોટું પણ નહિ અને સાચું પણ નહિ એવું બોલવું તે વ્યવહાર વચનયોગ.

૩ કાયયોગના સાત પ્રકાર છે.

૧ મનુષ્ય અને તિર્યંચ ઉત્પન્ન થાય ત્યારે ઔદારિક શરીર બાંધવા માંડે તે વખતે જે યોગ હોય તે ઔદારિક મિશ્ર કાયયોગ.

૨ તેઓનેજ તે શરીર બાંધ્યા પછી જે યોગ હોય તે ઔદારિક કાયયોગ.

૩ દેવતા અને નારકી ઉત્પન્ન થાય ત્યારે વૈક્રિય શરીર બાંધવા માંડે તે વખતે જે યોગ હોય તે વૈક્રિયમિશ્ર કાયયોગ.

૪ તેઓનેજ તે શરીર બાંધ્યા પછી જે યોગ હોય તે વૈક્રિય કાયયોગ.

૫ તીર્થંકર ભગવાન્‌ને પ્રશ્ન પૂછવા તથા તેમની ઋદ્ધિ જોવા મુનિરાજ આહારક શરીર કરવા માંડે તે વખતે જે યોગ

હોય તે આહારકમિશ્ર કાયયોગ.
૬ તેમનેજ તે શરીર બાંધ્યા પછી જે યોગ હોય તે આહારક કાયયોગ.
૭ જે વડે જીવ આહારને પચાવે તથા કર્મ ગ્રહણ કરે તે તૈજસ કાર્મણ કાયયોગ.

૯

નવમે બોલે ઉપયોગ બાર છે. ઉપયોગ=ધ્યાન આપવું અથવા ઉપયોગ કરવો એટલે જ્ઞાનદર્શનને વાપરવાં તે.
૧ પાંચ ઇંદ્રિય અને મનથી જે જાણવું તે મતિજ્ઞાન.
૨ શાસ્ત્ર વાંચવા, ભણવા તથા સાંભળવાથી જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન.
૩ અમુક હદમાંહેલા રૂપી પદાર્થોનું ઇંદ્રિ-

યોની મદદ વિના જે જ્ઞાન થાય તે અવધિજ્ઞાન. રૂપી=જેને વર્ણ, ગંધ, રસ તથા સ્પર્શ હોય તે. વર્ણ=રંગ.

૪ અઢીદ્વીપની અંદર રહેલા મનુષ્ય તથા તિર્યંચના મનના ભાવનું જે જ્ઞાન થાય તે મનઃપર્યવજ્ઞાન. જંબૂદ્વીપ, ધાતકી ખંડ તથા અર્ધપુષ્કરવરદ્વીપ એ અઢી દ્વીપ કહેવાય. દ્વીપ=જેને ફરતું પાણી હોય તે.

૫ જગત્માં રહેલા રૂપી તથા અરૂપી સર્વ પદાર્થોનું સંપૂર્ણ જ્ઞાન થાય તે કેવળ જ્ઞાન. અરૂપી=જેને વર્ણ, ગંધ, રસ તથા સ્પર્શ ન હોય તે. સંપૂર્ણ=પૂરેપૂરૂં.

૬ મિથ્યાત્વ સહિત મતિજ્ઞાન કે જેથી વસ્તુ

સ્વરૂપ યથાસ્થિત વિચારવામાં ન આવે તે મતિઅજ્ઞાન. મિથ્યાત્વ=વસ્તુને સાચી રીતે ન માનવી તે. યથાસ્થિત=જેવું હોય તેવું.

૭ મિથ્યાત્વ સહિત શ્રુતજ્ઞાન કે જેથી વસ્તુ સ્વરૂપ સાચી રીતે સમજવામાં ન આવે તે શ્રુતઅજ્ઞાન.

૮ મિથ્યાત્વ સહિત અવધિજ્ઞાન કે જેથી અમુક હદમાંહેલા રૂપી પદાર્થો આત્માવડે જાણવામાં ફેરફાર થાય તે વિભંગજ્ઞાન.

૯ આંખથી જોવું તે ચક્ષુદર્શન.

૧૦ આંખ વિના બાકીની ઇંદ્રિયોથી જે સામાન્ય જાણવું તે અચક્ષુદર્શન.

૧૧ અમુક હદમાં રહેલા રૂપી પદાર્થોનું જે

સામાન્ય જ્ઞાન તે અવધિદર્શન.

૧૨ જગત્માં રહેલા રૂપી તથા અરૂપી સર્વ પદાર્થોનું જે સામાન્ય જ્ઞાન તે કેવળ દર્શન.

૧૦

દશમે બોલે કર્મ આઠ છે.

૧ જ્ઞાનને ઢાંકી દેનારૂં કર્મ તે જ્ઞાનાવરણીયકર્મ.

૨ દર્શનને ઢાંકી દેનારૂં કર્મ તે દર્શનાવરણીયકર્મ. દર્શન=વસ્તુના સામાન્ય ધર્મનો જે બોધ તે, વસ્તુને પ્રથમ જોવાથી જે જાણી શકાય તે.

૩ સંસારમાં સુખદુઃખને ઉત્પન્ન કરાવનારૂં કર્મ તે વેદનીયકર્મ.

૪ સંસારમાં આસક્તિ-પ્રીતિ કરાવનારૂં કર્મ તે મોહનીયકર્મ.

૫ આયુષ્ય-જીંદગી તે આયુઃકર્મ.

૬ જીવને ચાર ગતિ તથા પાંચ ઇંદ્રિયો વગેરે અનેક પ્રકાર પ્રાપ્ત કરાવી આપનારૂં કર્મ તે નામકર્મ. પ્રકાર=ભેદ, સ્થિતિ.

૭ જીવને સંસારમાં ઉચ્ચ તે માનયોગ્ય તથા નીચ તે અપમાનયોગ્ય સ્થિતિ પ્રાપ્ત કરાવનારૂં કર્મ તે ગોત્રકર્મ.

૮ જીવને દાન દેવામાં, લાભ મેળવવામાં, ખાવા પીવામાં, પહેરવા ઓઢવા વગેરેમાં તથા બળનો ઉપયોગ કરવામાં હરકત કરનારૂં કર્મ તે અંતરાયકર્મ.

૧૧

અગ્યારમે બોલે ગુણઠાણાં ચૌદ છે.

ગુણઠાણાં=ગુણનાં સ્થાનકો.

૧ તત્ત્વને સાચી રીતે ન માનનાર મિથ્યાત્વી જીવોનું ગુણઠાણું તે મિથ્યાત્વ ગુણઠાણું. તત્ત્વ=વસ્તુનું સ્વરૂપ, પદાર્થ.

૨ સમકિતથી પડતા જીવોને થોડો કાળ ટકવાનું ગુણઠાણું તે સાસ્વાદન ગુણઠાણું.

૩ ખરા તત્ત્વ ઉપર પ્રીતિ નહિ અને ખોટા તત્ત્વ ઉપર અપ્રીતિ નહિ એવા જીવોનું ગુણઠાણું તે મિશ્ર ગુણઠાણું.

૪ સમકિત પામેલા પણ વ્રત પચ્ચખ્ખાણ વગરના જીવોનું ગુણઠાણું તે અવિરતિ સમકિતદૃષ્ટિ ગુણઠાણું.

૫ અણુવ્રતધારી શ્રાવકોનું ગુણઠાણું તે દેશવિરતિ ગુણઠાણું. અણુ=ન્હાનાં.

૬ પાંચ મહાવ્રત પાળનારા મુનિરાજોનું ગુણઠાણું તે પ્રમત્ત ગુણઠાણું. (શ્રાવક અને મુનિરાજોનાં વ્રતની વાત આગળ આવશે)

૭ વિશેષ ઉત્તમ ભાવવાળા મુનિરાજોનું ગુણઠાણું તે અપ્રમત્ત ગુણઠાણું.

૮ પૂર્વે નહિ આવેલા નિર્મળ ભાવ જ્યાં આવે તેવું ગુણઠાણું તે અપૂર્વકરણ અથવા નિવૃત્તિ ગુણઠાણું.

૯ લોભના મ્હોટા વિભાગ કરી તેનો નાશ કરવાનું અથવા દાબી દેવાનું ગુણઠાણું તે અનિવૃત્તિ બાદર ગુણઠાણું. વિભાગ=ખંડ, કકડા.

૧૦ લોભના ન્હાના વિભાગ કરી તેનો નાશ કરવાનું અથવા દાબી દેવાનું ગુણઠાણું તે સૂક્ષ્મ સંપરાય ગુણઠાણું.

૧૧ જ્યાં મોહનીયકર્મ આત્મા સાથે (સત્તામાં)હોય પણ ભોગવવામાં (ઉદયમાં) ન આવે તે ઉપશાંતમોહ ગુણઠાણું.

૧૨ મોહનીયકર્મનો સર્વથા નાશ થયા પછીનું ગુણઠાણું તે ક્ષીણ મોહ ગુણઠાણું.

૧૩ તીર્થંકર તથા બીજા સમસ્ત કેવળજ્ઞાની ભગવાનનું ગુણઠાણું તે સયોગી કેવળી ગુણઠાણું. સમસ્ત=બધા.

૧૪ મોક્ષે જવા પહેલાં થોડો કાળ આવે તે અયોગીકેવળી ગુણઠાણું.

૧૨

બારમે બોલે પાંચ ઇંદ્રિયના વિષયો ત્રેવિશ છે. વિષય=અભિલાષા, ઇચ્છા.

૧ શ્રોત્રેંદ્રિયના ત્રણ વિષય છે.

૧ જેમાં જીવ હોય અને તે અવાજ કરે તે જેમકે માણસ, પશુ, પક્ષી વગેરેનો અવાજ તે જીવ શબ્દ.

૨ જીવ વગરના પદાર્થોનો અવાજ, જેમકે ઘડીયાળ, ઢોલ વગેરેનો અવાજ તે અજીવ શબ્દ.

૩ જીવ તથા જીવ વગરના પદાર્થોનો ભેગો અવાજ થાય તે, જેમકે શરણાઇ વગેરેનો અવાજ તે મિશ્ર શબ્દ.

૨ ચક્ષુરિંદ્રિયના પાંચ વિષય છે.

૧ કાળો, ૨ લીલો, ૩ રાતો, ૪ પીળો, ૫ ધોળો.

૩ ઘ્રાણેંદ્રિયના બે વિષય છે.

૧ સુરભિગંધ=સારીગંધ, દુરભિગંધ=નઠારી ગંધ.

૪ રસેંદ્રિયના પાંચ વિષય છે.

૧ કડવો, ૨ તીખો, ૩ કષાયેલો, ૪ ખાટો, ૫ મીઠો. કષાયેલો=આંબળાના સ્વાદજેવો.

૫ સ્પર્શેંદ્રિયના આઠ વિષય છે.

૧ સુંવાળો, ૨ ખડબચડો, ૩ હળવો, ૪ ભારે, ૫ ઠંડો-શીત, ૬ ઉષ્ણ-ઉન્હો, ૭ લૂખો-રૂક્ષ, રસવગરનો, ૮ ચોપડ્યો-સ્નિગ્ધતાવાળો, રસવાળો.

૧૩

તેરમે બોલે મિથ્યાત્વ દશ પ્રકારનાં છે.

૧ જીવને અજીવ કરી જાણે તે મિથ્યાત્વ.

૨ અજીવને જીવ કરી જાણે તે મિથ્યાત્વ.

૩ ધર્મને અધર્મ કરી જાણે તે મિથ્યાત્વ.

૪ અધર્મને ધર્મ કરી જાણે તે મિથ્યાત્વ.

૫ સાધુને અસાધુ કરી સદ્દહે તે મિથ્યાત્વ.

સદ્દહે—વિશ્વાસ સહિત માને.

૬ અસાધુને સાધુ કરી સદ્દહે તે મિથ્યાત્વ.

૭ મોક્ષનો માર્ગ સાચો છે તેને ખોટો કરી માને તે મિથ્યાત્વ. કરી—તરીકે.

૮ સંસારનો માર્ગ ખોટો છે તેને સાચો કરી માને તે મિથ્યાત્વ.

૯ વાયરા આદિક રૂપી પદાર્થને અરૂપી

કરી સદ્દહે તે મિથ્યાત્વ.

૧૦ મોક્ષ આદિક અરૂપી પદાર્થને રૂપી કરી સદ્દહે તે મિથ્યાત્વ.

૧૪

ચૌદમે બોલે નવ તત્ત્વ સંબંધી જાણવા યોગ્ય એકસો પંદર ભેદ છે.

૧ જીવતત્ત્વના ચૌદ ભેદ.

૧ સૂક્ષ્મ એકેંદ્રિય, ૨ બાદર એકેંદ્રિય, ૩ બેઇંદ્રિય, ૪ ત્રિઇંદ્રિય, ૫ ચઉરિંદ્રિય, ૬ અસન્ની પંચેંદ્રિય, ૭ સન્ની પંચેંદ્રિય—એ સાતેને પર્યાપ્તા તથા અપર્યાપ્તા એમ બે બે ભેદે ગુણતાં ચૌદ ભેદ.

૨ અજીવ તત્ત્વના ચૌદ ભેદ.

ધર્માસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ

એ ત્રણ ભેદ, અધર્માસ્તિકાયના અને આકાશાસ્તિકાયના પણ એજ પ્રમાણે ત્રણ ત્રણ ભેદ, કાળદ્રવ્યનો એક ભેદ અને પુદ્ગલાસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એ ચાર ભેદ-એમ સર્વ મળી ચૌદ ભેદ થાય.

૩ પુણ્ય નવ પ્રકારે બંધાયછે. પુણ્ય–શુભકર્મ.

૧ સાધુ મુનિરાજ વગેરેને ભોજન આપવાથી જે પુણ્ય બંધાય તે અન્નપુણ્ય.

૨ તેમને પાણી આપવાથી જે પુણ્ય બંધાય તે પાનપુણ્ય

૩ તેમને રહેવાને સ્થાન આપવાથી જે પુણ્ય બંધાય તે લેણ પુણ્ય.

૪ તેમને સૂવાને પાટ વગેરે આપવાથી

જે પુણ્ય બંધાય તે સેણ પુણ્ય.

૫ તેમને પહેરવા તથા ઓઢવા વસ્ત્ર આપવાથી જે પુણ્ય બંધાય તે વસ્ત્ર પુણ્ય.

૬ તેમનું મનમાં ભલું ચિંતવવાથી જે પુણ્ય બંધાય તે મનઃ પુણ્ય.

૭ તેમની વચનવડે સ્તુતિ કરવાથી જે પુણ્ય બંધાય તે વચન પુણ્ય.

૮ તેમની કાયાથી સેવા—ભક્તિ કરવા વડે જે પુણ્ય બંધાય તે કાય પુણ્ય.

૯ તેમને હાથ જોડીને નમસ્કાર કરવાથી જે પુણ્ય બંધાય તે નમસ્કાર પુણ્ય.

૪ પાપ અઢાર પ્રકારે બંધાય છે. પાપ—અશુભકર્મ.

૧ પ્રાણાતિપાત—જીવહિંસા કરવી, ૨ મૃ-

ષાવાદ—ખોટું બોલવું, ૩ અદત્તાદાન—ચોરી કરવી, ૪ મૈથુન—બ્રહ્મચર્ય ન પાળવું, ૫ પરિગ્રહ—ધન, સુવર્ણ વગેરે પદાર્થો ઉપર મમતા, મમતા—મારાપણું, સુવર્ણ—સોનુ, ૬ ક્રોધ—ગુસ્સો, ૭ માન—અહંકાર, ૮ માયા—કપટ, ૯ લોભ—દ્રવ્યાદિકની વધતી જતી ઇચ્છા, ૧૦ રાગ—પ્રીતિ, ૧૧ દ્વેષ—અદેખાઈ વગેરે, ૧૨ કલહ—કજીયો, ૧૩ અભ્યાખ્યાન—કોઇ ઉપર ખોટું કલંક ચ્હડાવવું તે, ૧૪ પૈશુન્ય—ચાડી, ૧૫ રતિ અરતિ—સુખમાં આનંદ તથા દુઃખમાં શોક, ૧૬ પરપરિવાર—પારકી નિંદા, ૧૭ માયા મૃષાવાદ—કપટ સાથે ખોટું

બોલવું અને ૧૮ મિથ્યાત્વ શલ્ય—સુદેવ, સુગુરૂ તથા સુધર્મ ઉપર શ્રદ્ધા ન રાખવી તે.

૫ આશ્રવના વીશ પ્રકાર છે. આશ્રવ=કર્મ આવવાના રસ્તા.

૧ મિથ્યાત્વનું સેવન કરવું તે મિથ્યાત્વાશ્રવ.

૨ વ્રતપચ્ચખ્ખાણ ન કરવાં તે અવ્રતાશ્રવ.

૩ આળસ, નિંદા વગેરેમાં નકામો વખત ગાળવો તે પ્રમાદાશ્રવ.

૪ કષાય કરવો તે કષાયાશ્રવ.

૫ મન, વચન અને કાયાનો ખોટો ઉપયોગ કરવો તે યોગાશ્રવ.

૬ હિંસા કરવી તે પ્રાણાતિપાતાશ્રવ.
૭ ખોટું બોલવું તે મૃષાવાદાશ્રવ.
૮ ચોરી કરવી તે અદત્તાદાનાશ્રવ.
૯ બ્રહ્મચર્ય ન પાળવું તે કુશીલાશ્રવ.
૧૦ ધન, સુવર્ણ વગેરે પદાર્થો ઉપર મમતા રાખવી તે પરિગ્રહાશ્રવ.
૧૧ કાનને નિયમમાં ન રાખે તે શ્રોત્રેંદ્રિયાશ્રવ.
૧૨ આંખને નિયમમાં ન રાખે તે ચક્ષુરિંદ્રિયાશ્રવ.
૧૩ નાકને નિયમમાં ન રાખે તે ઘ્રાણેંદ્રિયાશ્રવ.
૧૪ જીભને નિયમમાં ન રાખે તે રસેંદ્રિયાશ્રવ.

૧૫ શરીરને નિયમમાં ન રાખે તે સ્પર્શેન્દ્રિયાશ્રવ.

૧૬ મનને નિયમમાં ન રાખે તે મનાશ્રવ.

૧૭ વચનને નિયમમાં ન રાખે તે વચનાશ્રવ.

૧૮ કાયાને નિયમમાં ન રાખે તે કાયાશ્રવ.

૧૯ ઠામ, વાસણ વગેરે વસ્તુ લેતાં મૂકતાં સંભાળ ન રાખે તે ભંડોપકરણાશ્રવ.

૨૦ મિથ્યાત્વી વગેરેનો કુસંગ કરવો તે કુસંગાશ્રવ. કુસંગ=ખોટી સોબત.

૬ સંવરના વીશ ભેદ છે. સંવર=કર્મ આવવાના રસ્તા બંધ કરવા તે.

૧ સુદેવ, સુગુરૂ અને સુધર્મ ઉપર શ્રદ્ધા રાખવી તે સમકિતસંવર.

૨ વ્રત પચ્ચખ્ખાણુ કરવાં તે વ્રતપચ્ચખ્ખાણસંવર.

૩ આળસ, નિંદા વગેરે ન કરતાં વખતનો સારો ઉપયોગ કરવો તે અપ્રમાદસંવર.

૪ કષાય ન કરવો તે અકષાયસંવર.

૫ મન, વચન અને કાયાનો સારો ઉપયોગ કરવો તે યોગસંવર.

૬ જીવદયા પાળવી તે દયાસંવર.

૭ સત્ય બોલવું તે સત્યસંવર.

૮ ચોરી ન કરવી તે અચૌર્યસંવર.

૯ બ્રહ્મચર્ય પાળવું તે શીળસંવર.

૧૦ પૈસાટકાનું પ્રમાણ કરવું તે ઇચ્છાસંવર.

૧૧ થી ૧૫—કાન, આંખ, નાક, જીભ અને શરીર એ પાંચે ઇંદ્રિયોને વશ કરવી તે ઇંદ્રિયસંવર.

૧૬ થી ૧૮—મન, વચન અને કાયા એ ત્રણેને વશ કરવાં તે ગુપ્તિસંવર.

૧૯ ઠામ, વાસણ વગેરે વસ્તુ લેતાં તથા મૂકતાં સંભાળ રાખવી તે ઉપયોગ-સંવર.

૨૦ કુસંગ ન કરવો તે કુસંગસંવર.

૭ નિર્જરાના બાર ભેદ છે. નિર્જરા—જે કર્મોનો નાશ થાય તે

૧ આહારનો ત્યાગ કરી ઉપવાસાદિ કરવું તે અનશન તપ.

૨ ભૂખ હોય તે કરતાં બે ચાર કોળીયા

ઓછું જમવું તે ઊણોદરી તપ.

૩ ઇચ્છાઓ રોકવા માટે નિયમ ધારવા તે વૃત્તિસંક્ષેપ તપ.

૪ દૂધ, દહીં, ઘી, ગોળ, તેલ તથા પક્વાન્નનો ત્યાગ કરવો તે રસ ત્યાગ તપ.

૫ લોચ તથા કાઉસ્સગ્ગનું કષ્ટ સહન કરવું તે કાયક્લેશ તપ.

૬ હાથ પગ સ્થિર કરી એક ઠેકાણે બેસી રહેવું તે સંલીનતા તપ.

૭ થયેલા પાપ માટે અફસોસ કરવો, તેનું નિવારણ કરવું તે પ્રાયશ્ચિત્ત તપ. નિવારણ—દૂર કરવું તે.

૮ મ્હોટાઓનું માન સાચવવું તે વિનય તપ.

૯ તપશ્ચર્યા કરનારા વગેરેની સેવા ભક્તિ કરવી તે વૈયાવૃત્ય તપ.

૧૦ ભણવું, ગણવું, વાંચવું, પૂછવું, વિચારવું અને ધર્મકથા કરવી તે સ્વાધ્યાય તપ.

૧૧ મનમાં સારૂં ધ્યાન ધરવું-માઠું ધ્યાન ન ધરવું તે ધ્યાન તપ.

૧૨ કર્મનો નાશ કરવા માટે બને તેટલો કાઉસ્સગ્ગ કરવો તે કાયોત્સર્ગ તપ.

૮ બંધ તત્ત્વના ચાર ભેદ છે. બંધ-કર્મનું બાંધવું તે.

૧ કર્મનો સ્વભાવ તે પ્રકૃતિ બંધ.

૨ કર્મને રહેવાનો કાળ તે સ્થિતિ બંધ.

૩ કર્મ પરમાણુઓમાં રહેલો રસ તે

રસ બંધ.

૪ કર્મના પરમાણુઓ તે પ્રદેશ બંધ.

૯ મોક્ષ તત્ત્વના ચાર ભેદ છે. મોક્ષ–સર્વ કર્મથી રહિત થવું તે.

૧ વિશેષ જાણવું તે અનંત જ્ઞાન.

૨ સામાન્ય જાણવું તે અનંત દર્શન.

૩ આત્માના ગુણોમાં રમવું, વસવું તે યથાખ્યાત ચારિત્ર.

૪ આત્માની અનંત શક્તિ તે સર્વ વીર્ય.

૧૫

પંદરમે બોલે આત્મા આઠ પ્રકારના છે. આત્મા–જીવ.

૧ શરીર, કુટુંબ અને ધન વગેરેને પોતાનું માનનારો આત્મા તે દ્રવ્યાત્મા.

૨ ક્રોધ, માન, માયા અને લોભ કરનારો આત્મા તે કષાયાત્મા.

૩ મન, વચન અને કાયા વડે ક્રિયા કરનારો આત્મા તે યોગાત્મા.

૪ બાર પ્રકારના જ્ઞાન દર્શન રૂપ ઉપયોગમાં વર્તનારો આત્મા તે ઉપયોગાત્મા.

૫ જ્ઞાનમાં વર્તનારો આત્મા તે જ્ઞાનાત્મા.

૬ દર્શનમાં વર્તનારો આત્મા તે દર્શનાત્મા.

૭ ચારિત્રમાં વર્તનારો આત્મા તે ચારિત્રાત્મા.

૮ વીર્યમાં વર્તનારો આત્મા તે વીર્યાત્મા.

૧૬

સોળમે બોલે દંડક ચોવિશ છે. દંડક=જે-ને વિષે જીવો રખડે—ભટકે તે.

૧૧ અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશિકુમાર, વાયુકુમાર અને સ્તનિતકુમાર એ દશ ભવનપતિ દેવોના દશ દંડક તથા સાત નારકીનો એક દંડક.

૫ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય એ પાંચ સ્થાવરના પાંચ દંડક.

૩ બેઇંદ્રિય, ત્રિઇંદ્રિય તથા ચઉરિંદ્રિય એ ત્રણ વિકલેંદ્રિયના ત્રણ દંડક.

૫ તિર્યંચ પંચેંદ્રિય, મનુષ્ય, વ્યંતરદેવ, જ્યોતિષી દેવ અને વૈમાનિક દેવ એ પાંચના પાંચ દંડક.

૨૪

૧૭

સત્તરમે બોલે લેશ્યા છ છે. લેશ્યા= મનના પરિણામ; તે ઉપર એક દૃષ્ટાંત છે તે આ પ્રમાણે:—

માર્ગમાં ભૂલા પડેલા છ પુરુષો જાંબુ-ફળ ખાવાની ઈચ્છાથી તેના ઝાડ નીચે આવ્યા. એકે કહ્યું કે 'આ ઝાડને મૂળમાંથી કાપી નાંખો' તે કૃષ્ણ લેશ્યાના પરિણામ જાણવા. બીજાએ કહ્યું કે 'થડને રહેવા દઇ બાકી બધું કાપી નાંખો' તે નીલલેશ્યાના

પરિણામ જાણવા. ત્રીજાએ કહ્યું કે 'ન્હાની ડાળીઓને કાપી બાકીનું રહેવા દ્યો' તે કાપોતલેશ્યાના પરિણામ જાણવા. ચોથાએ કહ્યું કે 'જાંબુના લુમખા કાપી લ્યો, બાકીનું રહેવાદ્યો' તે તેજોલેશ્યાના પરિણામ જાણવા. પાંચમાએ કહ્યું કે 'લુમખામાંથી પાકાં જાંબુ તોડી લ્યો, બીજું કાંઈ ન કરો' તે પદ્મલેશ્યાના પરિણામ જાણવા. છઠ્ઠો બોલ્યો કે 'ભાઇઓ ! શા માટે ઝાડને ઈજા કરો છો ? આ નીચે પડેલાં જાંબુઓ વીણીને ખાઓ !' તે શુક્લલેશ્યાના પરિણામ જાણવા.

૧૮

અઢારમે બોલે દૃષ્ટિ ત્રણ છે. દૃષ્ટિ=

શ્રદ્ધા, વિશ્વાસ.

૧ સાચા તત્ત્વને ખોટા અને ખોટા તત્ત્વને સાચા માનનારી દૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ.

૨ સાચા તથા ખોટા તત્ત્વમાં એક સરખી રીતે જોનારી દૃષ્ટિ તે સમ્યગ્‌મિથ્યા એટલે મિશ્રદૃષ્ટિ.

૩ સાચા તત્ત્વને સાચી રીતે અને ખોટા તત્ત્વને ખોટી રીતે જોનારી દૃષ્ટિ તે સમકિત દૃષ્ટિ.

૧૯

ઓગણીશમે બોલે ધ્યાન ચાર છે.

ધ્યાન=વિચાર કરવો તે.

૧ વ્હાલાનો વિયોગ થવાથી તથા શરીરે રોગ વગેરે થવાથી જે ચિંતા કરવી તે

આર્ત્તધ્યાન.

૨ જીવને મારવાની કે ખોટું બોલવું, ચોરી કરવી વગેરેની ઈચ્છા કરવી તે રૌદ્રધ્યાન

૩ પ્રભુએ બતાવેલા ધર્મ સંબંધી વિચાર કરવો તે ધર્મધ્યાન.

૪ તીર્થંકર તથા બીજા કેવળજ્ઞાની ભગવાન્ વગેરે જે ધ્યાન કરે છે તે શુક્લધ્યાન.

૨૦

વીશમે બોલે દ્રવ્ય છ છે. દ્રવ્ય=પદાર્થ. તેની ઓળખાણ ત્રીશ ભેદે છે.

૧ ધર્માસ્તિકાય દ્રવ્ય. તે દ્રવ્યથી એક છે, ક્ષેત્રથી ચૌદ રાજલોક વ્યાપી છે,

કાળથી આદિ અંત રહિત છે, ભાવ-
થી અરૂપી છે અને ગુણથી જીવ તથા
પુદ્ગલને ચાલવામાં સહાય કરે છે.
વ્યાપી=પૂર્ણ ભરેલું.
ચૌદરાજલોક=નીચે સાતમી નરકથી
ઉપર સિદ્ધશિલા સુધીનું ક્ષેત્ર. આ-
દિ=શરૂઆત, અંત=છેડો, રહિત=વિ-
નાનું, સહાય=મદદ.

૨ અધર્માસ્તિકાય દ્રવ્ય. તે દ્રવ્યથી એક
છે, ક્ષેત્રથી ચૌદ રાજલોક પ્રમાણ છે,
કાળથી આદિ અંત રહિત છે, ભાવથી
અરૂપી છે અને ગુણથી જીવ તથા પુ-
દ્ગલને સ્થિર રહેવામાં સહાય કરે છે.

૩ આકાશાસ્તિકાય દ્રવ્ય.તે દ્રવ્યથી એક

છે, ક્ષેત્રથી લોક તથા અલોક પ્રમાણ
છે, કાળથી આદિ અંતરહિત છે,ભા-
વથી અરૂપી છે અને ગુણથી જીવ ત-
થા પુદ્‌ગલને અવકાશ આપે છે.
અલોક ચૌદ રાજલોકથી અનંત ગુ-
ણો મોટો અને ચૌદ રાજલોકની ફ-
રતો છે, અનંત=છેડાવગરનું, અવ-
કાશ=જગ્યા.

૪ કાળ દ્રવ્ય. તે દ્રવ્યથી એક સમયરૂપ
છે, ક્ષેત્રથી અઢી દ્વીપમાં છે, કાળથી
આદિ અંતરહિત છે, ભાવથી અરૂપી
છે અને ગુણથી જૂનાનું નવું અને
નવાનું જૂનું કરે છે.

૫ પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય. તે દ્રવ્યથી અ-

નંત છે, ક્ષેત્રથી ચૌદ રાજલોક વ્યાપી છે, કાળથી આદિ અંતરહિત છે, ભાવથી રૂપી છે અને ગુણથી મળી જાય, જૂદું પડી જાય, સડી જાય, પડી જાય અને નાશ પામી જાય એવું છે.

૬ જીવાસ્તિકાય દ્રવ્ય. તે દ્રવ્યથી અનંત છે, ક્ષેત્રથી ચૌદ રાજલોક વ્યાપી છે, કાળથી આદિ અંતરહિત છે, ભાવથી અરૂપી છે અને ગુણથી ચેતનાવાળું છે. ચેતના=જાણપણું.

૨૧

એકવીશમે બોલે રાશિ બે છે. રાશિ=સમૂહ.

૧ જગત્માં જેટલા જીવો છે તે જીવરાશિ.

૨ જગત્માં જીવ વગરના જેટલા પદા-
ર્થો છે તે અજીવરાશિ.

૨૨

બાવીશમે બોલે શ્રાવકનાં વ્રત બાર છે.

૧ પહેલે વ્રતે ત્રસજીવને હણે નહીં અને
સ્થાવર જીવની મર્યાદા કરે. હણે નહિ=
મારે નહિ, સ્થાવર=જે હાલે ચાલે ન-
હિ તે, મર્યાદા—નિયમ.

૨ બીજે વ્રતે કન્યાસંબંધી, ઢોરસંબંધી,
જમીનસંબંધી, થાપણ ઓળવવાસં-
બંધી તથા ખોટી સાક્ષી પૂરવાસંબંધી,
એમ પાંચ મોટાં અસત્ય બોલે નહિ.
થાપણ ઓળવવી—કોઈ વિશ્વાસ રા-
ખી પૈસા કે ઘરેણું સાચવવા આપી ગ-

યો હોય તે પાછો લેવા આવે ત્યારે તેને કહેવું કે મારી પાસે તારૂં કાંઇજ નથી ! હું તને ઓળખતો નથી ! તું કોણ છે ? ચાલ્યો જા ! એમ કહેવું તે.

૩ ત્રીજે વ્રતે ખીસું કાતરી, ખાતર પાડી, ધાડ પાડી, ઘર ફાડી, તીજોરી તોડી મોટી ચોરી કરે નહિ.

૪ ચોથે વ્રતે પરસ્ત્રીનો ત્યાગ કરે અને પોતાની સ્ત્રીનું પ્રમાણ કરે. પર—બીજાની. પ્રમાણ—તિથિએ શિયળ પાળવા વગેરેની મર્યાદા.

૫ પાંચમે વ્રતે ધન, ધાન્ય તથા સોનું, રૂપું અને ઘર, હાટ વગેરેનું પ્રમાણ કરે.

૬ છઠ્ઠે વ્રતે જીંદગી સુધી દિશાઓમાં

તથા વિદિશા (ખણા)ઓમાં જવા-
નું પ્રમાણ કરે.

૭ સાતમે વ્રતે ન ખાવાલાયક પદાર્થોનો તથા પાપ વ્યાપારોનો ત્યાગ કરે અને ખાવા પીવા તથા પહેરવા ઓઢવાની ચીજો માટે હરરોજ નિયમ ધારે.

૮ આઠમે વ્રતે જેનાથી નકામું પાપ લાગે એવી બાબતો જેવી કે પરનિંદા, વિકથા વગેરે તથા રમવા જોવાની બાબતો જેવી કે નાટક, ભવાયા, ગંજીપો, ચોપાટ વગેરેનો ત્યાગ કરે, પાપોપદેશ ન કરે ઇત્યાદિ. પર—પારકી. પાપોપદેશ—પાપ લાગે એવું કહેવું તે.

૯ નવમે વ્રતે હરરોજ શાન્ત ચિત્ત રાખી

એક અથવા વધારે સામાયિક કરે.

૧૦ દશમે વ્રતે દિશાઓની મર્યાદાનો સં-
ક્ષેપ કરી દશ સામાયિક કરે, ભણે ગ-
ણે પણ બીજું—વ્યાપારાદિ ન કરે. સં-
ક્ષેપ—ઘટાડવું તે.

૧૧ અગ્યારમે વ્રતે મહીનામાં પર્વના દિ-
વસો (આઠમ, પાખી વગેરે)માં પોસ-
હ કરે.

૧૨ બારમે વ્રતે પોસહને પારણે મુનિરા-
જને વ્હોરાવી પછી જમે.

૨૩

ત્રેવિશમે બોલે મુનિરાજનાં મહા
વ્રત પાંચ છે.

૧ સાધુજી મન, વચન અને કાયાવડે

સ્થાવર કે ત્રસ કોઇ જીવને સર્વથા પોતે હણે નહિ, હણાવે નહિ અને હણતાને રૂડું જાણે નહિ તે પ્રથમ પ્રાણાતિપાતવિરમણ વ્રત. સર્વથા—કોઇપણ રીતે, રૂડું—સારૂં, અનુમોદે નહિ—વખાણે નહિ.

૨ સાધુજી મન, વચન અને કાયાવડે સર્વથા પોતે જૂઠું બોલે નહિ, બીજા પાસે જૂઠું બોલાવે નહિ અને જૂઠું બોલતાને રૂડું જાણે નહિ તે બીજું મૃષાવાદવિરમણ વ્રત.

૩ સાધુજી મન, વચન અને કાયાવડે સર્વથા પોતે ચોરી કરે નહિ, બીજા પાસે કરાવે નહિ અને કરતા પ્રત્યે

અનુમોદે નહિ તે ત્રીજું અદત્તાદાન-
વિરમણ વ્રત.

૪ સાધુજી મન, વચન અને કાયાવડે સ-
ર્વથા પોતે મૈથુન સેવે નહિ, બીજા પા-
સે સેવરાવે નહિ અને સેવતા પ્રત્યે અ-
નુમોદે નહિ તે ચોથું બ્રહ્મચર્ય વ્રત.

૫ સાધુજી મન, વચન અને કાયાવડે
સર્વથા પોતે પરિગ્રહ રાખે નહિ, બીજા
પાસે રખાવે નહિ અને રાખતા પ્રત્યે
રૂડું જાણે નહિ તે પાંચમું પરિગ્રહ-
વિરમણ વ્રત.

૨૪

ચોવિશમે બોલે ભવાભિનંદી જીવો-
નાં લક્ષણ આઠ છે. ભવાભિનંદી-પાંચ

ઇંદ્રિયોના સુખને ખરૂં સુખ માની સંસારમાંજ આનંદ માનનારા.

૧ સારૂં સારૂં ખાવાનું તથા વસ્ત્ર, પાત્ર મળશે, લોકમાં પૂજાઇશ અને મારા શ્રાવકો થશે એટલે તેનાથી મારૂં ગુજરાન ચાલશે ઇત્યાદિ ઇચ્છાઓથી જ સામાયિક, પૌષધ તથા પ્રતિક્રમણ આદિ ધર્મકરણી કરે. પાત્ર—વાસણ.

૨ પોતાના ગુણો હરેક રીતે પ્રકટ થાય અને બીજાના અવગુણો પ્રકટ થાય તેવા ઉપાયો કરે.

૩ ધન, ધાન્ય, વસ્ત્ર, પાત્ર તથા યશ અને કીર્તિ મેળવવા હંમેશાં પ્રયત્ન કરે, તેમાંજ હંમેશાં ધ્યાન રાખે.

૪ ભવિષ્યકાળની ચિંતા કરે, જેમકે હું શું ખાઇશ? હવે હું કેમ કરીશ? કુટુંબનું કેમ થશે? આવા વિચાર કરે પણ આત્માનું કલ્યાણ કરવા વિચાર ન કરે

૫ બીજામાં ગુણો હોય તે દેખી ન શકે, સહન ન કરી શકે.

૬ મારી પાસે જે પૈસો ટકો, ઘરેણાં, ઘર વગેરે છે તેનો વિયોગ થશે તો? એવો ભય રાખે

૭ કપટી હોય.

૮ સર્વ રીતે અજ્ઞાની હોય.

આવા જીવો સંસારમાં ઘણો કાળ રખડનારા ગણાય

૨૫

પચ્ચીશમે બોલે ચારિત્ર પાંચ છે. ચારિત્ર-જે આચરવાથી કર્મનો ક્ષય થાય તે. આચરવું-પાળવું.

૧ દીક્ષા લેવી તે સામાયિક ચારિત્ર.

૨ વડી દીક્ષા લેવી તે છેદોપસ્થાપનીય ચારિત્ર. વડી-મ્હોટી.

૩ દીક્ષા લઈ મ્હોટી તપશ્ચર્યા કરવા માટે નવ મુનિરાજ સમુદાયથી જૂદા પડે અને ચારિત્રની વિશુદ્ધિ કરે તે પરિહારવિશુદ્ધિ ચારિત્ર. સમુદાય=જે સાથે રહેતા હોય તે સાધુઓનો સમૂહ. વિશુદ્ધિ=વધારે પવિત્રતા.

૪ લોભના ન્હાના વિભાગ કરી તેનો ના-

શ કરવા પ્રયત્ન કરવો તે સૂક્ષ્મ સંપરાય ચારિત્ર.

૫ તીર્થંકર તથા બીજા કેવળજ્ઞાની ભગવાન્ વગેરે જે ચારિત્ર પાળે છે તે યથાખ્યાત ચારિત્ર.

૨૬

છવ્વીશમે બોલે નય સાત છે.

૧ નૈગમનય, ૨ સંગ્રહનય, ૩ વ્યવહારનય, ૪ ઋજુસૂત્રનય, ૫ શબ્દનય, ૬ સમભિરૂઢનય અને ૭ એવંભૂતનય.

૨૭

સત્તાવીશમે બોલે નિક્ષેપા ચાર છે.

નિક્ષેપ=વસ્તુમાં જે આરોપણ કરવું તે.

આરોપણ=દાખલ કરવું.

૧ વસ્તુનું નામ તે નામનિક્ષેપ.
૨ વસ્તુનાં ચિત્ર, અક્ષર કે છબી તે સ્થાપના નિક્ષેપ.
૩ જેમાંથી વસ્તુ બને તે દ્રવ્ય નિક્ષેપ.
૪ વસ્તુ પોતે તે ભાવ નિક્ષેપ.
(શિક્ષકે આ બોલ દૃષ્ટાંતથી સમજાવવો.)

૨૮

અઠ્ઠાવીશમે બોલે સમકિત પાંચ છે.

૧ જે સમકિત બે ઘડીથી ઓછો વખત રહી ચાલ્યું જાય તે ઉપશમ સમકિત.
૨ જે સમકિત અસંખ્ય વખત આવે અને જાય તે ક્ષયોપશમ સમકિત. અસંખ્ય –ગણી ન શકાય તેવી સંખ્યા.
૩ જે સમકિત આવ્યા પછી ચાલ્યું ન

જતાં જીવને વધારેમાં વધારે ત્રણ ચાર કે પાંચ ભવ કરાવી મોક્ષે લઈ જાય તે ક્ષાયિક સમકિત.

૪ ઉપશમ સમકિતથી પડતી વખતે તેનો બહુ થોડો ભાગ બાકી રહે ત્યારે જે સમકિત કહેવાય તે સાસ્વાદન સમકિત.

૫ ક્ષાયિકસમકિત પામતાં પહેલાં સમયમાત્ર જે સમકિત હોય તે વેદકસમકિત. સમય—અતિસૂક્ષ્મ કાળ, સૂક્ષ્મ—ન્હાનો.

૨૯

ઓગણત્રીશમે બોલે રસ નવ પ્રકારના છે. રસ=મીઠાશ, આનંદ, અસર.

૧ જેથી વિષય વિકાર ઉત્પન્ન થાય તે શૃંગારરસ.

૨ જેથી શરીરમાં બળ—જુસ્સો પ્રકટ થાય તે વીરરસ.

૩ જેથી દયા ઉત્પન્ન થાય તે કરૂણારસ.

૪ જેથી હસવું આવે તે હાસ્યરસ.

૫ ક્રોધ ઘણા પાપવાળું કામ થતું જોવાથી અથવા કરવાથી જે ભયંકર અસર થાય તે રૌદ્રરસ.

૬ જેથી ભય ઉત્પન્ન થાય—બીક લાગે તે ભયાનક રસ.

૭ જેથી અચંબો—નવાઇ ઉત્પન્ન થાય તે અદ્ભુતરસ.

૮ ભૂંડા શબ્દ સાંભળવાથી જે અસર થાય તે બિભત્સરસ.

૯ જેથી જીવને શાન્તિ વળી જાય, મન

સ્થિર થઇ જાય તે શાન્તરસ.

૩૦

ત્રીશમે બોલે ત્યાગ કરવા યોગ્ય અભક્ષ્ય બાવીશ છે. અભક્ષ્ય—ન ખાવાલાયક પદાર્થ.

૧ વડના ટેટા, ૨ પીંપળાનું ફળ, ૩ ઉંબરાનાં ફળ, ૪ પીંપળનાં ફળ, ૫ કોઠીંબડાં, ૬ મધ, ૭ માખણ, ૮ માંસ, ૯ દારૂ, ૧૦ હીમ પડે છે તે, ૧૧ વિષ તે અફીણ, સોમલ વગેરે ઝેરી પદાર્થો, ૧૨ કરા પડે છે તે, ૧૩ સર્વ જાતની કાચી માટી, મીઠું, ૧૪ રાત્રિભોજન, ૧૫ જેમાં ઘણાં બી હોય તેવાં ફળો જેવાં કે—અંજીર, તલ, ખસખસ વગેરે, ૧૬ અનંતકાય કંદ-

મૂળ વગેરે, ૧૭ બોળ અથાણું, ૧૮ વિ-
દળ (કાચાં દૂધ, દહીં, છાસ સાથે કઠોા-
ળ ખાવા તે), ૧૯ રીંગણાં, ૨૦ જેનું
નામ ન જાણતા હોઇએ એવાં ફળ, ફૂ-
લ, ૨૧ તુચ્છ ફળ જેવાં કે ચણી બોર
વગેરે, ૨૨ ચલિતરસ તે સડેલું અન્ના-
દિક (વાસી રોટલી, શીરો, લાપસી વગે-
રે) જેનો કાળ પૂરો થયાથી સ્વાદ બદ-
લાઈ ગયો હોય—રસ ફરી ગયો હોય તે.

૩૧

એકત્રીશમે બોલે અનુયોગ ચાર છે.

અનુયોગ—વર્ણન.

૧ જેમાં છ દ્રવ્ય, આઠ કર્મ, નવતત્ત્વ વ-
ગેરે બાબતોનું વર્ણન આવતું હોય તે

દ્રવ્યાનુયોગ.

૨ જેમાં અઢીદ્વીપ વગેરેમાં આવેલ પર્વત, નદી, દેશ વગેરેની લંબાઇ, પહોળાઈ, ઉંચાઈ તથા સંખ્યા વગેરેના માપનો હિસાબ આવતો હોય તે ગણિતાનુયોગ. માપ–પ્રમાણ.

૩ જેમાં મુનિરાજ તથા શ્રાવકોએ પોતપોતાનો ધર્મ કેવી રીતે પાળવો જોઇએ તેની હકીકત આવતી હોય તે ચરણકરણાનુયોગ.

૪ જેમાં પૂર્વે થઈ ગયેલા ઉત્તમ પુરૂષો તથા સ્ત્રીઓની જીંદગીનાં વર્ણનો આવતાં હોય તે ધર્મકથાનુયોગ.

૩૨

બત્રીશમે બોલે તત્ત્વ ત્રણ છે.

૧ જેમાં અઢાર દોષ (જેવા કે અજ્ઞાન, નિદ્રા, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, ભય, હાસ્ય વગેરે) ન હોય તે દેવતત્ત્વ.

૨ જે પંચ મહાવ્રત પાળે તે ગુરૂતત્ત્વ.

૩ જેમાં અહિંસા મુખ્ય હોય તે ધર્મતત્ત્વ. અહિંસા—દયા.

૩૩

તેત્રીશમે બોલે સમવાય પાંચ છે.

સમવાય—સાથે રહેનારાં કારણો.

૧ જે વખતે, જે ઋતુમાં, જે થતું હોય તે તેજ વખતે, તેજ ઋતુમાં થાય તે કાળ.

૨ જે વસ્તુમાં જેવો સ્વભાવ હોય—તેમાં

ફેરફાર નજ થાય ત સ્વભાવ.

૩ ભવિતવ્યતા એટલે જે બનવાનું હોય તેજ બને તે નિયતિ.

૪ પૂર્વે કરેલાં કર્મ પ્રમાણે બધું થાય તે પુર્વકૃત એટલે કર્મ.

૫ પ્રયત્ન કરવો તે પુરૂષકાર એટલે ઉદ્યમ.

૩૪

ચોત્રીશમે બોલે ચાર પ્રકારના પાખંડીઓના ત્રણશેં ને ત્રેસઠ ભેદ છે. પાખંડીઓ—ધૂતારાઓ, ખોટો માર્ગ સમજાવનારાઓ.

૧ ક્રિયા કરવામાંજ ધર્મ માનનારા તે ક્રિયાવાદી, તેના એકસો એંશી ભેદ છે.

૨ ક્રિયા નજ કરવામાં ધર્મ માનનારા તે અક્રિયાવાદી, તેના ચોરાશી ભેદ છે.

૩ વિનય કરવાથીજ ધર્મ થાય છે એમ માનનારા તે વિનયવાદી, તેના બત્રીશ ભેદ છે.

૪ અજ્ઞાની રહેવું-જ્ઞાન ભણવું નહિ એમાંજ ધર્મ માનનારા તે અજ્ઞાનવાદી, તેના સડસઠ ભેદ છે.

૩૫

પાંત્રીશમે બોલે શ્રાવકના ગુણ એકવીશ છે.

૧ તોછડા સ્વભાવવાળો ન હોય પણ સમુદ્રની પેઠે ગંભીર હોય.

૨ જેને પાંચ ઇંદ્રિયો પૂરેપૂરી હોય અને જે રૂપવંત હોય.

૩ જેની પ્રકૃતિ શાન્ત હોય, જે પાપ કરનારો ન હોય.

૪ જે હંમેશાં સાચે માર્ગે ચાલનારો હોય તેથી સર્વ લોકને પ્રિય લાગે, સર્વલોકો તેનાં વખાણ કરે.

૫ જેનું હૃદય પવિત્ર હોય, જેનું મન ઘાતકી-પાપી ન હોય.

૬ જે આ લોક તથા પર લોકનાં દુઃખ તથા અપયશથી બ્હીતો રહે.

૭ જે બીજાને છેતરે નહિ-કપટી ન હોય.

૮ જે બીજાએ કાંઇ વસ્તુની માગણી કરી હોય તેને યથાશક્તિ આપે પણ નિરાશા ન કરે, દાક્ષિણ્યવાળો હોય. દાક્ષિણ્ય-શરમ.

૯ જે કુટુંબની લજ્જા મર્યાદા રાખે, ખોટું કામ ન કરે.

૧૦ જે સર્વ જીવો ઉપર દયાળુ હોય.

૧૧ જેની દૃષ્ટિમાં નિર્મળતા હોય, જેની આંખમાં વિકાર ન હોય.

૧૨ જે ગુણી જીવોને માન આપનારો તથા તેઓનોજ પક્ષ કરનારો હોય.

૧૩ જે સારી સારી ધર્મસંબંધી કથાઓથી ઉપદેશ કરનારો હોય.

૧૪ જેના કુટુંબનાં માણસો ધર્મમાર્ગે ચાલનારાં હોય.

૧૫ જે લાંબા વિચારવાળો તથા વિચાર કરીને કામ કરનારો હોય.

૧૬ જે કોઇપણ જાતના પક્ષપાત તથા અન્યાય વગર ગુણનો તથા દોષનો જાણનાર હોય.

૧૭ જે પાકી-વડાયેલી બુદ્ધિવાળા વૃદ્ધ પુરૂષોની સેવા કરનારો તથા તેમના કહ્યા પ્રમાણે ચાલનારો હોય.

૧૮ જે પોતાનાથી વધારે ગુણી જીવોનો વિનય-બહુમાન કરનારો હોય.

૧૯ જે કોઇએ પોતાના ઉપર ઉપકાર કર્યો હોય તેનો સારી રીતે બદલો વાળી આપનારો હોય.

૨૦ જે લોભ કર્યાવગર બીજાનું ભલું કરવામાં પોતાની લક્ષ્મીનો ઉપયોગ કરે.

૨૧ જે ધર્મસંબંધી દરેક વિધિમાં તથા વ્યવહારમાં કુશળ-હુશીયાર હોય.

એ એકવીશ ગુણ જેમાં હોય તે જીવ ધર્મ પામવાને લાયક કહેવાય.

ॐ

માર્ગાનુસારી જીવના પાંત્રિશ ગુણ.

મોક્ષે જવાના માર્ગ ઉપર ચ્હડેલો જીવ તે માર્ગાનુસારી જીવ કહેવાય.

૧ ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવું:—હરેક પ્રકારનો વ્યાપાર નીતિ અને પ્રામાણિકપણાથી કરવો. નીતિ અને પ્રામાણિકપણાથી પેદા કરેલો પૈસો લાંબા વખત સુધી ટકી શકે છે, દગાથી અને

કપટથી તથા અસત્ય બોલી છેતરીને પૈસો મેળવ્યો હોય તે બધો મૂડી સુદ્ધાં નાશ પામી જાય છે. ધણીની નોકરી નિમકહલાલીથી અને ખરા દિલથી કરવી. પોતાની ફરજમાં બેદરકાર રહેનાર ઉપર એક છૂપી શક્તિ સદા ધ્યાન રાખે છે. તે સારૂં કામ કરનારને બદલો અપાવે છે અને નબળું કામ કરનારને શિક્ષા કરાવે છે—નુકશાન અપાવેછે, એ ચોક્કસ સમજવું. એ શક્તિ કર્મપરિણામરૂપ સમજવી.

૨ શિષ્ટ પુરૂષોનાં આચરણની પ્રશંસા કરવીઃ—ઉત્તમ પુરૂષોનાં વર્ત્તન—વર્તણુકના દરેક રીતે વખાણુ કરી તેમના-

માં રહેલા ગુણો ગ્રહણ કરવા. ગુણીના ગુણ ગાવાથી આપણામાં પણ તેવા ગુણો આવે છે. જુગાર ન રમવો, વેશ્યા કે પરસ્ત્રીસેવન ન કરવું, શિકાર કે ચોરી ન કરવી, મધ, માખણ, માંસ, મદિરા તથા કંદમૂળ આદિ અભક્ષ્ય પદાર્થો ન ખાવા, સદા સત્ય બોલવું એ શિષ્ટ પુરૂષોનાં આચરણ જાણવાં.

૩ સમાન કુળ તથા શીલવાળા અન્ય ગોત્રીય સાથે વિવાહ કરવો:—બ્રાહ્મણે બ્રાહ્મણ સાથે, ક્ષત્રિયે ક્ષત્રિય સાથે, એવી રીતે સૌ સૌએ પોતપોતાની જ્ઞાતિ સાથે કન્યા લેવાદેવાનો વ્યવહાર રા-

ખવો. જેણે ન ખાવાલાયક પદાર્થો છોડી દીધા હોય તથા જેની લક્ષ્મી, ભાષા અને પહેરવેશ સરખો હોય અને જેનો વંશ અન્ય ઉત્તમ પુરૂષથી ઉતરી આવેલો હોય તેની સાથે વિવાહનો સંબંધ જોડવો.

૪ છ શત્રુઓનો ત્યાગ કરવો:—પરસ્ત્રીસેવન તે કામ, ગુસ્સો કરવો તે ક્રોધ, પૈસો મેળવવાની વધતી જતી તીવ્ર ઇચ્છા તે લોભ, અહંકાર કરવો તે માન, બીજાને દુઃખી કરી ખુશી થવું તે હર્ષ અને જ્ઞાતિ, કુળ, બળ, રૂપ, તપ, લક્ષ્મી, વિદ્યા અને લાભ એ આઠ પ્રકારની વસ્તુનો અહંકાર કરવો તે

મહ કહેવાય છે. એ છ વૈરીને જીતવા.

૫ ઇંદ્રિયોનો જય કરવો:—પાંચે ઇંદ્રિયોને પહેરવા ઓઢવામાં, ખાવાપીવામાં, પુષ્પ અત્તર આદિ સૂંઘવામાં, નાટકાદિ જોવામાં અને શૃંગારિક ગાયનો વગેરે સાંભળવામાં છૂટી મૂકી દેવી નહિ પણ તેને વશ રાખવી—કબજે કરવી. સ્પર્શેન્દ્રિય, રસેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, નેત્રેંદ્રિય, અને શ્રોત્રેંદ્રિય એ પાંચ ઇંદ્રિયો જાણવી. તેનાં બીજાં નામ—શરીર, જીભ, નાક, આંખ અને કાન છે.

૬ ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો:—જ્યાં પોતાના રાજ્યથી કે બીજાના રાજ્ય તરફથી ભય રહેતો હોય તેવા ત-

થા જ્યાં દુકાળ તથા મરકી આદિ મહા રોગો ફાટી નીકળ્યા હોય તેવાં ગામ, નગર વગેરેનો ત્યાગ કરી બીજે સ્થળે રહેવા જવું.

૭ નઠારા પાડોશવાળા, અતિ ગુપ્ત, અતિ પ્રકટ અને પેસવા નીકળવાનાં અનેક દ્વારવાળા ઘરમાં રહેવું નહિઃ—રહેવાનું ઘર સારા પાડોશવાળું હોવું જોઇએ. શોધતાં મુશ્કેલી પડે તેવું તેમજ તદ્દન જાહેર રસ્તા ઉપર અને પેસવા તથા નીકળવાનાં ઘણાં બારણાંવાળું ઘર ન હોવું જોઇએ.

૮ સર્વ પ્રકારનાં પાપથી બ્હીવુંઃ—પાપ કરવાથી આ જગત્‌માં નિંદા થાય છે

અને બીજા ભવમાં નરક વગેરેનાં મહા દુઃખો ભોગવવાં પડે છે.

૯ દેશાચાર પાળવોઃ—જે દેશમાં વસતા હોઇએ તે દેશ પ્રમાણે ખાવું પીવું તથા પહેરવું ઓઢવું અને રીતરીવાજ રાખવા જેથી નિંદાપાત્ર ન થવાય. પણ તે સર્વ ધર્મથી વિરૂદ્ધ ન હોવું જોઇએ.

૧૦ કોઇના અવર્ણવાદ ન બોલવાઃ—સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, રાજા, પ્રધાન, ભંડારી અને કોટવાળ વગેરે કોઇપણ મનુષ્યની નિંદા ન કરવી.

૧૧ આવક પ્રમાણે ખર્ચ કરવોઃ—પેદાશ કેટલી છે ? તેનો વિચાર કર્યા વગર આંખો મીંચીને ખર્ચ કરનાર બહુ

દુઃખી થઇ જાય છે માટે આવક કરતાં કાંઇક ઓછો ખર્ચ રાખી થોડું પણ બચાવવું.

૧૨ પોતાના ધન પ્રમાણે વેશ રાખવો:—
શાહુકારે શાહુકારને લાયક અને ગરીબે ગરીબને લાયક કપડાં લત્તાં વગેરે પહેરવાં. એથી ઉલટી રીતે પહેરવાથી લોકો મશ્કરી અને નિંદા કરે છે.

૧૩ માતા પિતાની સેવા ભક્તિ કરવી:—
માતા પિતાનો આપણા ઉપર ઘણો ઉપકાર છે, તેનો બદલો વાળવો અત્યંત મુશ્કેલ છે, માટે તેમની ખરા અંતઃકરણથી ચાકરી બરદાસ્ત કરવી; તેમને કોઇ રીતે ઓછું

ન આવવા દેવું અને તેમની જે જે ઇ-
ચ્છાઓ હોય તે તે પૂરી પાડી તેમને
હરેક રીતે સંતોષ આપવો, એ ખરા
પુત્રની ફરજ છે. તેથી ઉલટી રીતે વ-
ર્તનાર કુપુત્ર કહેવાય છે અને તેઓ
જગત્માં ક્યારે પણ સુખી હોતા—થ-
તા નથી.

૧૪ ગુણીજનોનો સંગ કરવો:—જેવી સો-
બત તેવી અસર થાય છે, સારાની
સોબતથી આપણે સુધરીએછીએ અને
નઠારાની સોબતથી આપણે બગડી-
એ તે તદ્દન સાચી વાત છે. માટે નઠા-
રાની સોબત કદી પણ નહિ કરતાં સ-
દા સારા માણસનીજ સોબત રાખવી.

૧૫ કરેલો ઉપકાર જાણવોઃ—કોઇએ આપણા ઉપર ઉપકાર કર્યો હોય તો તેનો પોતાનાથી જે રીતે બને તે રીતે બદલો વાળી આપવો. ગુણચોર કદી થવું નહિ.

૧૬ અજીર્ણ હોય ત્યારે ભોજન કરવું નહિઃ—રોગ માત્રનું મૂળ કારણ ખાધેલું ન પચ્યું હોય તેજ છે. તેવી સ્થિતિ હોય ત્યારે જરૂર જેટલો વખત બીલકુલ ન ખાવું અથવા હલકું ખાવું.

૧૭ વખતસર ભોજન કરવુંઃ—જમવાના વખતમાં મોડું ન કરવું પણ ક્ષુધા લાગી છે કે નહિ તે તો પ્રથમ તપાસવું. જે ખોરાક પોતાને માફક આવતો હો-

ય તેજ ખાવો. જમતી વખતે ફીકર ચિંતા છોડી આનંદથી બરાબર ચાવીને જમવું. ખોરાક સ્વાદિષ્ટ હોય તોપણ હદ ઉપરાંત ન જમવું. આવી રીતે વર્તનાર કદી માંદો પડતો નથી.

૧૮ વ્રતધારી અને જ્ઞાનવૃદ્ધ પુરૂષની સેવા કરવીઃ—જેઓ ધર્મિષ્ટ હોય, બોધવાળા હોય, ડાહ્યા હોય એવાઓની ભક્તિ કરવી તથા બહુમાન કરવું. વયે કરી વૃદ્ધ હોય તેનો પણ વિનય સાચવવો અને તેઓના કહ્યા પ્રમાણે કરવું. વિદ્વાનોના સદા દાસ થઇ રહેવું.

૧૯ નિંદિત કાર્યમા પ્રવર્તવું નહિઃ—જે કામ કરવાથી આ લોકમાં સમજુ મા-

ણસો આપણી નિંદા કરે તથા પરલો-
કમાં આપણી માઠી ગતિ થાય તેવું
કામ ન કરવું.

૨૦ ભરણ પોષણ કરવા યોગ્યનું ભરણ
પોષણ અવશ્ય કરવું:—માતાપિતા,
સ્ત્રી, પુત્ર, પરિવાર તથા પોતાને આ-
ધારે રહેલાં અન્ય સગાંવ્હાલાં તથા
નોકર ચાકરનું ખાનપાન તથા કપડાં
લત્તાં વગેરેથી યોગ્ય રીતે રક્ષણ કરવું.
માબાપ વગરનાં,લાગતાં વળગતાં છો-
કરાંઓને ખાસ આધાર આપવો અને
તેમને સારે રસ્તે ચ્હડાવવાં.

૨૧ દરેક કામ વિચાર કરીને કરવું:—કોઈ
પણ કામની શરૂઆત કરતાં પહેલાં

તેનું પરિણામ શું આવશે ? તેનો વિ-
ચાર કરી પછી તે કામ માથે લેવું અ-
ગર ન લેવું. માથે ઉપાડેલું કામ અ-
ધુરૂં ન મૂકવું પણ પાર પાડવું.

૨૨ હંમેશાં ધર્મ સાંભળવોઃ—ગુરૂ પાસેથી સદા ધર્મનું શ્રવણ કરવું અથવા સારાં સારાં પુસ્તકો નિરંતર વાંચવાં. એથી આપણી હરેક પ્રકારે ચ્હડતી અને કલ્યાણ થાય છે. નકામો વખત ન ગાળવો.

૨૩ પ્રાણી માત્ર ઉપર દયા રાખવીઃ—ન્હાનાથી મ્હોટા સુધી હરેક જીવ ઉપર દયા રાખવી. હરેક જીવને સુખ થાય તેમ કરવું. આપણા વચનથી પણ

કોઇને શોક સંતાપ ન થવા જોઇએ.
ખરા જૈનનો એ ધર્મ છે.

૨૪ બુદ્ધિના આઠ ગુણ ધારણ કરવાઃ—શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા કરવી, શાસ્ત્ર સાંભળવું, તેનો અર્થ સમજવો, તે યાદ રાખવો, તેમાંથી પ્રશ્ન ઉઠાવવો, પ્રશ્નનો ખુલાસો મેળવવો, પછી તેમાં શંકા ન રાખવી અને છેવટે અમુક હકીકત આમજ છે એમ નક્કી કરવું. આ બુદ્ધિના આઠ ગુણ છે.

૨૫ ગુણીજનનો પક્ષપાત કરવોઃ—સદ્ગુણી માણસોને દરેક પ્રકારે સહાય કરવી, તેઓનું દુઃખ દૂર કરવું અને તેઓ કારણ વિના નિર્દોષપણે ક્યાંઇ ફસાઇ

પડ્યા હોય તો તેમાંથી તેમને ગમે તેટ-
લી મહેનતે તથા ખર્ચે પણ છોડાવવા.

૨૬ હંમેશાં અકદાગ્રહી થવું:–'મારૂં તે સાચું' એમ ન ગણતાં 'સાચું તે મારૂં' એમ ગણવું પણ ખોટી વાતને હઠ કરી પકડી ન રાખવી. પોતાની ભૂલ હોય અને તે બીજો જણાવે તો ઘણી ખુશીથી તે કબૂલ કરી (પોતાની ભૂલ) સુધારવી. દુરાગ્રહી ન થવું.

૨૭ નિરંતર વિશેષ જ્ઞાન મેળવવું:–દિવસે દિવસે પોતાના જ્ઞાનમાં થોડો પણ વધારો કરવો. દુનીયામાં જાણવાનું ઘણું છે તેથી વિદ્યા મેળવવામાં સંતોષ ધારણ ન કરવો. સંસારરૂપી

શાળામાં નવું નવું જાણવાને અંગે સદા વિદ્યાર્થી થઇને રહેવું.

૨૮ અતિથિ, સાધુ તથા દીનજનોનો યથાયોગ્ય સત્કાર કરવો:—મેમાન આવ્યા હોય તેની ખાતર, બરદાશ્ત કરવી, મુનિરાજ પધાર્યા હોય તેમને અને કોઇ દુ:ખી માણસ આંગણે આવી ચ્હડયો હોય તો તેને બની શકતો દિલાસો આપી હરકોઇ પ્રકારે તેનું દુ:ખ દૂર કરવું પણ આંગણે આવેલા કોઈનો તિરસ્કાર કરવો નહિ.

૨૯ પરસ્પર હરકત ન આવે એવી રીતે ત્રણ વર્ગ સાધવા:—ધર્મ કરવાના વખતે

ધર્મ કરવો, પૈસા પેદા કરવાના વખતે
પૈસા પેદા કરવા અને ઇચ્છિત પદાર્થ
ખાવા પીવા તથા પહેરવા ઓઢવા વ-
ગેરેથી સુખ તથા આનંદ મેળવવાના
વખતે તે કરવું. કહેવાની એ મતલબ
છે કે ધર્મ કરવાના વખતે પૈસા પેદા
કરવાથી ધર્મને હરકત પહોંચે છે અને
પૈસા પેદા કરવાના વખતે ધર્મ કરવા-
થી પૈસા પેદા કરવાના કામને હરકત
પહોંચે છે, તેજ પ્રમાણે ખાવા પીવા
વગેરેથી આનંદ મેળવવાના વખતે ધ-
મ અગર પૈસા પેદા કરવામાં આવે
તો તેને (આનંદ મેળવવાના કામને)
હરકત પહોંચે છે. સંસારમાં આ ત્રણે

બાબતની જરૂર છે, તેથી કોઇનાથી કોઇને હરકત ન પહોંચે એવી રીતે આખા દિવસમાં વખત બાંધી, જે વખતે જે કામ કરવાનું હોય તે વખતે તે કરવું. એક બીજા વર્ગને બાધા થવા ન દેવી.

૩૦ નિષેધ કરેલા દેશમાં જવું નહિ અને મના કરેલા વખતે કામ કરવું નહિઃ—જે દેશમાં જવાની શાસ્ત્ર રજા ન આપતાં હોય તથા રાજાએ મના કરેલી હોય તે દેશમાં જવું નહિ. તેમજ જે વખતે જે કામ કરવાની ના પાડી હોય તે વખતે તે કામ કરવું નહિ. તેમ કરવાથી લાભને બદલે હાનિ થાય છે.

૩૧ સ્વપરના બળ તથા અબળનો વિચાર કરવો:—કોઇ સાથે ચર્ચામાં કે યુદ્ધમાં ઉતરવું હોય કે કોઇ કામ હાથપર લેવું હોય ત્યારે તે તે કાર્યો કરવામાં પોતાનું તથા બીજાનું બળ કેટલું છે? નિર્બળતા કેટલી છે? તેનો વિચાર કરવો; પછી જેમ ઠીક લાગે તેમ કરવું.

૩૨ જનસમૂહના મતને માન આપવું:—જે કામ કરવાથી બહુ લોકથી વિરૂદ્ધ થઇ જવાતું હોય તો તે કાર્ય ન કરવું. એવું કાર્ય કદાચ સારૂં હોય તોપણ જો તેથી લોકો ઉશ્કેરાઇ જતા હોય તો તે વખતે કાળક્ષેપ કરવો અગર વખત પ્રમાણે વર્તવું, શાન્તિથી લોકમત કે-

ળવવો, સારા વખતની રાહ જોવી અ-
ને તેવો વખત આવ્યે તે કામ કરવું.

૩૩ સદા પરોપકાર કરવો:—શરીર નાશ
પામનારૂં છે—જીંદગીનો ભરોંસો નથી
એમ સમજી હરેક જીવનું જે રીતે બ-
ની શકે તે રીતે ભલું થાય તેટલું કરી
લેવું. જેટલું ભલું કર્યું હશે તેટલુંજ
બીજી ગતિમાં જતાં સાથે આવશે એ
ચોક્કસ સમજવું.

૩૪ લજ્જાળુ થવું:—હરેક કામ કરતી વ-
ખતે પોતાની આબરૂની સંભાળ પહે-
લી રાખવી એવું કામ ન કરવું કે
જેથી આપણી આબરૂ ધૂળ મળી જા-
ય! અને આપણા કુળને કલંક લાગે!

બદ્દો બેસે ! અથવા આપણે શરમાવું પડે !

૩૫ સૌમ્યદૃષ્ટિ થવુંઃ—કયારે પણ ગુસ્સે ન થવું, મુખ ઉપર સદા શાન્તતા ધારણ કરવી જેથી બીજા લોકો આપણું મુખ જોઇ આનંદિત થાય, એટલુંજ નહિ પણ પોતાની અંદર રહેલા ક્રોધ, અદેખાઇ તથા વૈર વગેરેનો ત્યાગ કરે.

આ માર્ગાનુસારીના ૩૫ ગુણો ધર્મસંગ્રહ ગ્રંથને અનુસારે લખવામાં આવ્યા છે. જે જીવો એવા ગુણોવાળા હોય તેને ધર્મ પામવાની લાયકાતવાળા સમજવા.

આવશ્યક સૂત્રોના સંક્ષિપ્ત *ભાવાર્થ.

નવકાર (પંચમંગલસૂત્ર)—આમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ એ પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવ્યો છે. એથી સર્વ પાપ તથા વિઘ્નો દૂર થાય છે.

*આ સંબંધી વિશેષ હકીકત માટે અમારા તરફથી પ્રકટ થયેલ પંચપ્રતિક્રમણ સૂત્રાર્થ સાવચૂરિકનું પુસ્તક જોવું.

પંચિંદિઅ—આમાં આચાર્યના છત્રીશ ગુ-
ણોનું વર્ણન છે અને તે ક્રિયા કરતાં
સ્થાપના સ્થાપતી વખતે બોલાય છે.
પ્રણિપાત (ખમાસમણ)—આથી દેવગુરૂને
વંદન કરાય છે.
ઇચ્છકાર—આથી ગુરુને સુખસાતા પૂછાયછે.
ઇરિયાવહિયં, તસ્સઉત્તરી—આથી હાલતાં
ચાલતાં લાગેલાં પાપને દૂર કરવા-
માં આવે છે.
અન્નત્થ—આમાં કાઉસ્સગ્ગના સોળ આ-
ગારનું વર્ણન છે.
લોગસ્સ (નામસ્તવ)—આમાં ચોવીશ તી-
ર્થંકરની નામપૂર્વક સ્તુતિ છે.
કરેમિભંતે—આ સામાયિક લેવાનું પચ્ચ-

ખ્ખાણ છે. એમાં સામાયિક લઇને નિં-
દા,વિકથા વગેરે ન કરવું તે બતાવ્યું છે.
સામાઇઅ વયજુત્તો—આમાં સામાયિક એ
બે ઘડીનું ચારિત્ર છે તે બતાવ્યું છે અ-
ને તેથી તેનું વારંવાર કરવાપણું બ-
તાવ્યું છે.
જગચિંતામણિ—આ ગોતમસ્વામીએ ર-
ચેલું ચૈત્યવંદન છે. એમાં અષ્ટાપદપ-
ર્વત ઉપર વિરાજેલા ચોવીશ તીર્થંકરો
તથા બીજા પણ તીર્થંકરો તથા તીર્થાને
નમસ્કાર કરવામાં આવ્યો છે.
જંકિંચિ—આમાં જે કોઈ નામરૂપે તીર્થ હો-
ય તેને તથા ત્રણ લોકમાં રહેલી પ્રતિમા-
ઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.

નમુત્થુણં (શક્રસ્તવ)—ઇંદ્રમહારાજ જ્યારે ભગવાન્‌ની સ્તુતિ કરે છે ત્યારે આ સૂત્ર બોલેછે. એમાં ભગવાન્‌ના ગુણોનું વર્ણન છે.

જાવંતિચેઇઆઇં—આમાં ત્રણ લોકની પ્રતિમાઓને નમસ્કાર કર્યો છે.

જાવંતકેવિસાહૂ—આમાં ભરત, ઐરવત અને મહાવિદેહની અંદર રહેલાં સાધુ, સાધ્વીઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.

નમોઽર્હત્—આમાં પંચ પરમેષ્ઠીઓને નમસ્કાર કર્યો છે.

ઉવસગ્ગહરં-આ શ્રીપાર્શ્વનાથનું ગુણસ્તુતિરૂપ સ્તવન શ્રીભદ્રબાહુસ્વામીનું કરેલું છે. તે સર્વ વિઘ્નોનો નાશ કરનાર છે.

જયવીયરાય—આમાં પ્રભુની પાસે કેટલી-
એક ઉત્તમ પ્રાર્થના કરવામાં આવી છે.

અરિહંતચેઇઆણં (ચૈત્યસ્તવ)-આમાં જ્યાં
દેવવંદન કરતાં હોઇએ તે એક દહેરાની
પ્રતિમાઓને વંદન કરવામાં આવ્યું છે.

કલ્લાણકંદં-આ શ્રી ઋષભદેવ, શાન્તિનાથ,
નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર-
સ્વામી વગેરેની સ્તુતિ છે.

સંસારદાવા—આ શ્રીમહાવીરસ્વામીની
સ્તુતિ શ્રી હરિભદ્રસૂરિની રચેલી છે.

પુખ્ખરવરદી (શ્રુતસ્તવ)—આમાં વિચર-
તા તીર્થંકરોની તથા જ્ઞાનની સ્તુતિ છે.

સિદ્ધાણંબુદ્ધાણં (સિદ્ધસ્તવ) આમાં સર્વ
સિદ્ધ, મહાવીરસ્વામી, નેમિનાથ તથા

અષ્ટાપદ ઉપર વિરાજમાન ચોવીશ તીર્થંકરની સ્તુતિ છે.

વેયાવચ્ચગરાણં—આથી સમકિતીદેવોને સંભારવામાં આવે છે.

ઇચ્છામિઠામિ—આથી આખા દિવસમાં લાગેલાં પાપને સામાન્ય રીતે જાહેર કરી તેની માફી માગવામાં આવે છે.

નાણંમિ૦—આમાં આઠ ગાથામાં જ્ઞાનાદિ પાંચ આચારના ભેદનું વર્ણન છે.

વાંદણાં (સુગુરૂવંદન)—આથી સુગુરૂને વંદન કરી તેમની પ્રત્યે થયેલા દોષની ક્ષમા યાચવામાં આવે છે.

સાત લાખ—આમાં ચોરાશી લાખ યોનીવાળા જીવો હણાયા હોય તે બાબત

મિચ્છાદુક્કડ દેવામાં આવે છે

અઢાર પાપસ્થાનક—આમાં અઢાર પ્રકારે પાપ બંધાય છે તેનાં નામછે અને પછી તેવી રીતે લાગેલાં પાપની ક્ષમા માગવામાં આવી છે. (મિચ્છાદુક્કડ દેવામાં આવેલ છે.)

સવ્વસ્સવિ—આમાં લાગેલાં પાપને અતિ ટૂંકામાં કહેવા સાથે તેની માફી માગવામાં આવી છે.

વંદિત્તુ(શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર)-આથી શ્રાવકનાં બારવ્રતમાં લાગેલા દોષને બહુ દિલગીરી સાથે વિસ્તારથી જાહેરકરી, તેવા દોષો ફરીથી ન લાગે તેવી ઇચ્છાસાથે તે બાબત માફી માગવામાં આવે છે.

અબ્ભુટ્ઠિઓ(ક્ષામણકસૂત્ર)-આથી ગુરૂમહારાજના આપણાથી જે જે અપરાધ થયા હોય તે જાહેર કરી, તેમની પાસે ક્ષમા માગવામાં આવે છે.

આયરિય ઉવજ્ઝાયે—આમાં આચાર્ય, ઉપાધ્યાય, સકળ સંઘ તથા સર્વ જીવો ઉપર ક્રોધ થયો હોય તો તેની તથા તેઓના બીજા જે કાંઈ અપરાધ થયા હોય તે બાબતની માફી માગવામાં આવી છે.

નમોસ્તુ૦-આ શ્રીવીરપરમાત્માની સ્તુતિ છે. તે સાંજે દેવસીપ્રતિક્રમણમાં બોલાયછે.

વિશાલલોચન-આ પણ શ્રી વીરપ્રભુની સ્તુતિ છે. તે સવારે રાઇપ્રતિક્રમણમાં બોલાય છે.

સુઅદેવયા–આ શ્રુતદેવીની સ્તુતિ છે.
જીસેખિત્તે–આ ક્ષેત્રદેવીની સ્તુતિ છે,
કમલદલ–આ શ્રુતદેવીની સ્તુતિ છે. તે સ્ત્રીઓ કહે છે.
યસ્યાઃ ક્ષેત્રં–આ ક્ષેત્રદેવીની સ્તુતિ છે.
જ્ઞાનાદિ૦–આ ભુવનદેવીની સ્તુતિ છે.
અડ્ઢાઇજ્જેસુ (મુનિવંદનસૂત્ર)–આથી અઢીદ્વીપમાં રહેલા મુનિઓને નમસ્કાર કરવામાં આવે છે.
વરકનક–આથી એકસોસીત્તેર તીર્થંકરોને વંદન કરવામાં આવે છે.
લઘુશાન્તિ–શ્રીનાડુલનગરમાં મરકી હઠાવવા શ્રીમાનદેવસૂરિએ આ સ્તોત્ર રચ્યું છે. એને ભણવાથી, સાંભળવાથી તથા

એથી મંત્રેલું જળ છાંટવાથી સર્વ રો-
ગો દૂર થાયછે અને શાન્તિ ફેલાય છે.

ચઉક્કસાય–આ શ્રીપાર્શ્વનાથનું ગુણ-
સ્તુતિરૂપ ચૈત્યવંદન છે.

ભરહેસર-આમાં બ્રહ્મચર્યવાળા તથા બી-
જી રીતે ઉત્તમ પુરુષો અને સ્ત્રીઓનાં
નામો ગણાવ્યાં છે.

સકલતીર્થ (તીર્થવંદના સૂત્ર)–આમાં ત્રણ
લોકની અંદર આવેલાં શાશ્વતાં તથા
અશાશ્વતાં ચૈત્યો તથા તેની અંદર રહે-
લી પ્રતિમાઓની સંખ્યા બતાવી તે-
ઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.
આ શ્રીજીવવિજયજીનું રચેલું છે.

સ્નાતસ્યા–આ શ્રીબાલચંદ્રસૂરિની રચેલી

મહાવીરસ્વામીની સ્તુતિ છે.

સકલાર્હત્‌—શ્રીહેમચંદ્રાચાર્યનું રચેલું આ ચૈત્યવંદન છે. એમાં ચોવીશ તીર્થંકરની જૂદા જૂદા શ્લોકથી સ્તુતિ કરવામાં આવી છે.

અજિતશાન્તિ—શ્રીનંદિષેણસૂરિનું રચેલું આ અજિતનાથ અને શાન્તિનાથનું ભેગું સ્તવન છે. શ્રી શત્રુંજય ઉપર આ બન્ને ભગવાન્‌નાં દહેરાં સામસામાં હતાં પણ આ સ્તવન રચાઇ બોલાતી વખતે તે એક હારમાં આવી ગયાં એમ કહેવાય છે.

બૃહત્‌શાન્તિ—ભગવાન્‌ જન્મે છે ત્યારે તેમને મેરૂપર્વત ઉપર ન્હવરાવવા ઇંદ્રો

અને દેવતાઓ લઇ જાય છે. ત્યાં તેમને ન્હવરાવ્યા પછી તેઓ આ શાન્તિપાઠ બોલે છે આની અંદર અનેક જીવોની અનેક પ્રકારે શાન્તિ ઇચ્છવામાં આવી છે. આને શ્રીનેમિનાથપ્રભુની માતા શિવાદેવીએ દેવીપણામાં રચેલી છે એમ કહેવાય છે.

સંતિકરં—શ્રી મુનિસુંદરસૂરિએ રચેલું આ શ્રી શાન્તિનાથનું સ્તવન છે; તેની અંદર કેટલાએક દેવ તથા દેવીઓની આપણા રક્ષણને માટે પ્રાર્થના કરવામાં આવી છે.

અતિચાર—આ પાખી વગેરે પ્રતિક્રમણ વખતે, બાર વ્રતમાં લાગેલા દોષો દૂર કર-

વા માટે બોલાવવામાં આવે છે. તેમાં નીચે જણાવેલા અધિકારો છે:—

જ્ઞાનાચાર—જ્ઞાનને ભણવું તથા ભણાવવું તે.

દર્શનાચાર—સમકિત પાળવું તથા પળાવવું તે.

ચારિત્રાચાર—સંયમ પાળવું તથા પળાવવું તે.

સમકિત=દેવ, ગુરુ અને ધર્મની પરીક્ષા કરી તે ઉપર શ્રદ્ધા રાખવી તે.

પહેલું વ્રત=જીવહિંસા ન કરવી તે.

બીજું વ્રત=ખોટું ન બોલવું તે.

ત્રીજું વ્રત=ચોરી ન કરવી તે.

ચોથું વ્રત=બ્રહ્મચર્યનો નિયમ કરવો તે.

પાંચમું વ્રત=ધન, ધાન્ય તથા સોનું, રૂપું અને ઘર, હાટ વગેરેનું પ્રમાણ કરવું તે.

છઠ્ઠું વ્રત=જીંદગી સુધી દિશાઓમાં તથા ખૂ-

ણાઓમાં જવાનું પ્રમાણ કરવું તે.

સાતમું વ્રત=ન ખાવાલાયક પદાર્થો તથા પાપ વ્યાપારોનો ત્યાગ કરવો અને ખાવા પીવા તથા પહેરવા ઓઢવાની ચીજો માટે દરરોજ નિયમ ધારવા તે.

આઠમું વ્રત=જેનાથી નકામું પાપ લાગે એવી બાબતો જેવી કે—વિકથા, નિંદા વગેરે તથા રમવા જોવાની બાબતો જેવી કે નાટક, ભવાયા, ગંજીપો, ચોપાટ વગેરેનો ત્યાગ કરવો તે.

નવમું વ્રત—દરરોજ શાન્ત ચિત્ત રાખી એક સામાયક કરવું તે.

દશમું વ્રત—આખા દિવસમાં દશ સામાયિક કરી ભણવું, ગણવું પણ બીજું વ્યાપા-

રાદિ કાંઈ ન કરવું તે.

અગ્યારમું વ્રત—મહીનામાં પર્વના દિવસો (આઠમ,પાખી વગેરે)માં પોસહ કરવો તે.

બારમું વ્રત—પોસહને પારણે મુનિરાજને વહોરાવી પછી જમવું તે.

સંલેષણા—મરણ સમયે ગતિ સુધારવા માટે વ્રત, પચ્ચખ્ખાણ કરવાં તે.

બાહ્યતપ—જેને બીજાઓ દેખી શકે એવા ઉપવાસાદિ તપ કરવો તે.

અભ્યંતરતપ—જેને બીજાઓ ન દેખી શકે એવો પશ્ચાત્તાપ, વિનયાદિ તપ કરવો તે.

વીર્યાચાર—ધર્મ સંબંધી ક્રિયાઓ તથા કાર્યોમાં પોતાની શક્તિનો સદુપયોગ કરવો તે.

આ સર્વમાં લાગેલા દોષો અતિચારમાં જણાવેલા છે.

મન્હજિણાણં—આ સજ્ઝાયમાં શ્રાવકને કરવા યોગ્ય છત્રીશ કૃત્યોનું વર્ણન છે.

તિજયપહુત્ત (સપ્તતિશત સ્તોત્ર)—આ સ્તોત્રમાં એકસો સિત્તેર તીર્થંકરની સ્તુતિ છે. શ્રીમાનદેવસૂરિએ કોઇ વખતે શ્રી સંઘમાં વ્યંતરે કરેલ ઉપસર્ગ દૂર કરવા આ રચ્યું છે.

નમિઊણ (મહાભયહર સ્તોત્ર)—આ શ્રીમાનતુંગસૂરિએ રચેલું શ્રી પાર્શ્વનાથનું સ્તોત્ર છે. એને સ્થિર ચિત્તે ભણવાથી મ્હોટા મ્હોટા ભય તથા વ્યાધિઓ નાશ પામે છે.

ભક્તામર—આ પણ શ્રી માનતુંગસૂરિયે ર-
ચેલું શ્રી આદિનાથનું સ્તોત્ર છે. આ
આચાર્ય મહારાજને કોઈ રાજાએ ૪૨
બેડીઓ પહેરાવી હતી. તેઓ જેમ જેમ
શ્લોકો રચતા ગયા તેમ તેમ તે બેડીઓ
તૂટતી ગઇ. આથી જૈનધર્મની બહુ ઉ-
ન્નતિ (ચઢતી) થઇ અને રાજા જૈનધ-
ર્મમાં પ્રીતિવાળો થયો. આને ભણવાથી
ઇચ્છા પ્રમાણે આરોગ્ય (રોગ રહિતપ-
ણું) તથા લક્ષ્મી મળે છે.

કલ્યાણમંદિર—આ શ્રી સિદ્ધસેનદિવાકરસૂ-
રિએ રચેલું શ્રી પાર્શ્વનાથનું સ્તોત્ર
(સ્તવન) છે. શ્રી ઉજ્જયિનીનગરીમાં
મહાકાળ નામના જૈનમંદિરમાં શ્રી પા-

ર્વપ્રભુની પ્રતિમા હતી, તેને બ્રાહ્મણોએ શિવલિંગ પધરાવી ઢાંકી દીધી હતી. બાદ આ સ્તોત્રના રચનાર આચાર્ય મહારાજ ત્યાં ગયા અને આ સ્તોત્ર રચ્યું. તેનો અગ્યારમો શ્લોક રચતાં તે લિંગ ફાટ્યું અને પ્રતિમાજી પ્રકટ થયાં. આને ભણવાથી સર્વ પ્રકારનાં સુખ મળે છે.

રત્નાકરપચ્ચીશી–આ રત્નાકરસૂરિની રચેલી પ્રભુસ્તુતિ છે. એમાં આચાર્ય મહારાજે પોતામાં રહેલા દોષો તથા અવગુણોની નિંદા કરી છેવટે સમકિતની યાચના (માગણી) કરી છે.

ચોવિશ તીર્થંકરનાં નામ.

૧ લા ઋષભદેવ (એમનું બીજું નામ આદીશ્વર), ૨ જા અજિતનાથ, ૩ જા સંભવનાથ, ૪ થા અભિનંદનસ્વામી, ૫ મા સુમતિનાથ, ૬ ઠ્ઠા પદ્મપ્રભ, ૭ સુપાર્શ્વનાથ, ૮ મા ચંદ્રપ્રભ, ૯ મા સુવિધિનાથ (એમનું બીજું નામ પુષ્પદંત છે), ૧૦ શીતળનાથ, ૧૧ મા શ્રેયાંસનાથ, ૧૨ મા વાસુપૂજ્યસ્વામી, ૧૩ મા વિમળનાથ, ૧૪ મા અનંતનાથ, ૧૫ મા ધર્મનાથ, ૧૬ મા શાન્તિનાથ, ૧૭ મા કુંથુનાથ, ૧૮ મા અરનાથ, ૧૯ મા મલ્લીનાથ, ૨૦ મા મુનિસુવ્રતસ્વામી, ૨૧ મા નમિનાથ, ૨૨ મા નેમિનાથ (એમનું બીજું નામ અરિષ્ટનેમિ), ૨૩ મા

પાર્શ્વનાથ અને ૨૪ મા મહાવીરસ્વામી (એમનું બીજું નામ વર્ધમાનસ્વામી).

ચોવિશ તીર્થંકરોનાં લાંછન.

૧ ઋષભદેવનું વૃષભ (બળદ)
૨ અજિતનાથનું હસ્તી (હાથી).
૩ સંભવનાથનું અશ્વ (ઘોડો)
૪ અભિનંદનસ્વામીનું કપિ (વાંદરો).
૫ સુમતિનાથનું ક્રૌંચપક્ષી.
૬ પદ્મપ્રભુનું પદ્મ (કમળ).
૭ સુપાર્શ્વનાથનું સ્વસ્તિક (સાથીયો).
૮ ચંદ્રપ્રભુનું ચંદ્ર.
૯ સુવિધિનાથનું મગરમચ્છ.
૧૦ શીતળનાથનું શ્રીવચ્છ.
૧૧ શ્રેયાંસનાથનું ખડ્ગી (ગેંડો).

૧૨ વાસુપૂજ્યસ્વામીનું મહિષ (પાડો)
૧૩ વિમળનાથનું વરાહ (ભૂંડ).
૧૪ અનંતનાથનું સીંચાણોપક્ષી.
૧૫ ધર્મનાથનું વજ્ર.
૧૬ શાન્તિનાથનું મૃગ (હરણ).
૧૭ કુંથુનાથનું છાગ (બકરો).
૧૮ અરનાથનું નંદાવર્ત સ્વસ્તિક.
૧૯ મલ્લિનાથનું કુંભ (કળશ).
૨૦ મુનિસુવ્રતસ્વામીનું કચ્છપ (કાચબો).
૨૧ નમિનાથનું નીલોત્પલ (લીલું કમળ).
૨૨ નેમિનાથનું શંખ.
૨૩ પાર્શ્વનાથનું સર્પ.
૨૪ મહાવીરસ્વામીનું સિંહ.

ચોવિશ તીર્થંકરના વર્ણ.

વર્ણ=શરીરનો રંગ.

પદ્મપ્રભુ અને વાસુપૂજ્યસ્વામીનો વર્ણ રાતો છે.

ચંદ્રપ્રભુ અને સુવિધિનાથનો વર્ણ ઉજ્જવળ (ધોળો) છે.

મલ્લિનાથ અને પાર્શ્વનાથનો વર્ણ લીલો છે.

મુનિસુવ્રતસ્વામી અને નેમિનાથનો વર્ણ શ્યામ (કાળો) છે.

બાકીના સોળે તીર્થંકરોનો વર્ણ કાંચન જેવો (પીળો) છે.

નવપદનાં નામ.

૧ લે પદે અરિહંત, ૨ જે પદે સિદ્ધ,

૩ જે પદે આચાર્ય, ૪ થે પદે ઉપાધ્યાય, ૫ મે પદે સાધુ, ૬ ઠ્ઠે પદે દર્શન, ૭ મે પદે જ્ઞાન, ૮ મે પદે ચારિત્ર, ૯ મે પદે તપ.

નવપદના વર્ણ.

અરિહંતનો વર્ણ ધોળો છે.
સિદ્ધનો વર્ણ રાતો છે.
આચાર્યનો વર્ણ પીળો છે.
ઉપાધ્યાયનો વર્ણ લીલો છે.
સાધુનો વર્ણ કાળો છે.
દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપનો વર્ણ ધોળો છે.

નવે પદનું ધ્યાન ધરતી વખતે ઉપર મુજબ વર્ણો ગણવા.

પ્રભુ દર્શન કરતી વખતે બોલવા યોગ્ય દૂહા.

પ્રભુદરિશનસુખસંપદા,પ્રભુદરિશનનવનિધ;
પ્રભુદરિશનથીપામીએ,સકલપદારથસિદ્ધ. ૧
ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજીએ દાન;
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન ૨
જીવડા જિનવર પૂજીએ, પૂજાનાં ફળ હોય;
રાજા નમે પ્રજા નમે, આણ ન લોપે કોય ૩
ફુલડાં કેરા બાગમાં, બેઠા શ્રી જિનરાય;
જેમ તારામાં ચંદ્રમા, તેમ શોભે મહારાય.૪
ત્રિભુવનનાયકતુંધણી,મહી મ્હોટા મહારાજ;
મ્હોટેપુન્યેપામીયો, તુજ દરિશન હું આજ. ૫
આજમનોરથસવીફળ્યાપ્રગટ્યાપુન્યકલ્લોલ;
પાપકરમ દૂરે ટળ્યાં, નાઠા દુઃખ દંદોલ. ૬

प्रभुस्तुति करती वखते बोलवा योग्य श्लोको.

१

अद्य मे सफलं जन्म, अद्य मे सफला क्रिया;
शुभोदयो दिनोऽस्माकं, जिनेंद्र ! तव दर्शनात्.

२

तुभ्यं नमस्त्रिभुवनार्त्तिहराय नाथ !
तुभ्यं नमः क्षितितलामलभूषणाय !
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय !
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥

३

अद्याभवत् सफलता नयनद्वयस्य,
देवत्वदीयचरणांबुज-वीक्षणेन;

अद्य त्रिलोकतिलक प्रतिभासते मे,
संसारवारिधिरयं चुलुकप्रमाणः ॥

४

पूर्णानंदमयं महोदयमयं, कैवल्यचिद्दृङ्मयम्,
रूपातीतमयं स्वरूपरमणं, स्वाभाविकीश्रीमयम्;
ज्ञानोद्योतमयं कृपारसमयं, स्याद्वादविद्यालयम्,
श्रीसिद्धाचलतीर्थराजमनिशं, वंदेऽहमादीश्वरम्.

५

प्रशमरस-निमग्नं, दृष्टियुग्मं प्रसन्नम्,
वदनकमलमंकः, कामिनीसंगशून्यः
करयुगमपि यत्ते, शस्त्रसंबंधवंध्यम्,
तदसि जगति देवो, वीतरागस्त्वमेव.

६

जिने भक्तिर्जिने भक्तिर्जिने भक्तिर्दिने दिने;
सदा मेऽस्तु सदा मेऽस्तु, सदा मेऽस्तु भवे भवे.

७

पाताले यानि बिंबानि, यानि बिंबानि भूतले;
स्वर्गे च यानि बिंबानि, तानि वंदे निरन्तरम्.

८

नेत्रानंदकरी भवोदधितरी, श्रेयस्तरोर्मंजरी,
श्रीमद्धर्ममहानरेंद्रनगरी, व्यापल्लताधूमरी;
हर्षोत्कर्षशुभप्रभावलहरी, रागद्विषां जित्वरी,
मूर्तिः श्रीजिनपुंगवस्य भवतु, श्रेयस्करी देहिनाम्.

९

किं कर्पूरमयं सुधारसमयं, किं चंद्ररोचिर्मयम्,
किं लावण्यमयं महामणिमयं, कारुण्यकेलिमयम्;
विश्वानंदमयं महोदयमयं, शोभामयं चिन्मयम्,
शुक्लध्यानमयं वपुर्जिनपतेर्भूयाद्भवालंबनम्.

१०

दीनोद्धारधुरंधरस्त्वदपरो, नास्ते मदन्यः कृपा,-
पात्रं नात्र जने जिनेश्वर तथा,-ऽप्येतां न याचेश्रियम्;

किं त्वर्हन्निदमेव केवलमहो, सद्बोधिरत्नं शिवं,
श्रीरत्नाकरमङ्गलैकनिलय ! श्रेयस्करं प्रार्थये.

११

यन्नास्ति नाथ भवदंघ्रिसरोरुहाणाम्,
भक्तेः फलं किमपि संततिसंचितायाः;
तन्मेत्वदेकशरणस्य शरण्यभूयाः,
स्वामी त्वमेव भुवनेऽत्र भवांतरेऽपि.

१२

सकलकुशलवल्लि-पुष्करावर्तमेघो,
दुरिततिमिरभानुः कल्पवृक्षोपमानः;
भवजलनिधिपोतः सर्वसंपत्तिहेतुः,
स भवतु सततं वः श्रेयसे शान्तिनाथः
श्रेयसे पार्श्वनाथः

જ્ઞાનમાહાત્મ્ય.

तृतीयं लोचनं ज्ञानं, द्वितीयो हि दिवाकरः;
अचौर्यहरणं वित्तं, विना स्वर्णं विभूषणम्.

ભાવાર્થ:—ખરેખર જ્ઞાન ત્રીજા લોચન જેવું, બીજા સૂર્ય જેવું, ચોરોથી પણ ન હરાય એવા દ્રવ્ય જેવું અને સુવર્ણ વિના આભૂષણ જેવું છે!

उपदेशतरंगिणी.

છપાય છે!

શ્રીમાન્ યશોવિજયજી વિર
ચોવિશી.

(ભાવાર્થ અને વિવેચન સ

આ ચોવિશી ઉપર યોગ્ય વિ
વિચાર પૂર્વક અને વર્તમાન સમ
સરતી ભાષાશૈલીથી વિવેચન લખવામ
આવ્યું છે. કર્તા મહારાજના આશયને સ્પ
ષ્ટ વ્યક્ત કરવા બનતો પ્રયત્ન સેવવામ
આવ્યો છે. પુસ્તક જેઠ માસમાં બહાર પ
ડશે. ક્રાઉન સાઈઝ સોળ પેજી દશ ફોર્મ
પુસ્તકનું મૂલ્ય માત્ર ત્રણ આના. લખો
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા.

દુર્લભદાસ કાલિદાસ શાહ.